RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 96* Date: 02.02.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ચૂંટણીવાળા અસમ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ પર ઓળઘોળ મોદી સરકાર

# આત્મનિર્ભર બજેટમાં મોદી સરકારનો ચૂંટણીલક્ષી સ્ટ્રોક

### વેકસીન, ચૂંટણી, ખેડૂતો પર ફોકસઃ ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર નહિ, ૭૫ વર્ષથી ઉપરના લોકોને આઈટીઆરમાંથી મુક્તિ મળી, પેટ્રોલ પર ૨.૫૦ રૂા. અને ડીઝલ પર ૪ રૂા. કૃષિ સેસ લગાડવાનું એલાન, સોના-ચાંદી પરની કસ્ટમડયુટી ઘટાડવામાં આવી

*ન્યુ દિલ્હી, તા. ૧*

કેન્દ્રિય નાણાંપ્રધાન નિર્મલા સિતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં તેમણે કેટલીક એવી જાહેરાતો કરી હતી કે જે પ્રથમવાર જ અમલમાં આવી રહી હોય. આ વર્ષે કોરોનાને કારણે પેપરલેસ અંદાજપત્ર રજુ કરાયું હતું. દર વર્ષે નાણાં પ્રધાન બ્રિફકેસમાં અંદાજપત્ર લઈને સંસદમાં પ્રવેશતા હોય છે. પરંતુ પેપરલેસ બજેટ રજુ કરવા માટે નાણાં પ્રધાન નિર્મલા સિતારમણ, બ્રિફકેસના બદલે ટેબ્લેટ સાથે સંસદમાં પ્રવેશ્યા હતા.

જોવામાં આવે તો આ બજેટ સામાન્ય માણસનું નહોતું. સામાન્ય માણસને રાહત થાય તે માટે કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. ઉલ્ટું, બધી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી અને સરચાર્જને લીધે મોબાઈલ સહિતની ઘણી ચીજો પણ મોંઘી થઈ રહી છે. આ બજેટ સામાન્ય લોકો માટે નિરાશાજનક હતું.

સિતારમને કહ્યું કે કોરોના વાયરસ મહામારી સામે લડવા માટે સરકારે વર્ષ ૨૦૨૦માં ૩૦ લાખ કરોડ રૂપિયાના ૫ મિની બજેટ રજૂ કર્યા હતા. નાણામંત્રીએ સામાન્ય લોકોને રસ પડે એવી જે જાહેરાત કરી છે તેમાં એલઆઈસીનો IPO આ વર્ષમાં બજારમાં આવશે તેની છે. કોરોના મહામારીના સમયમાં જયારે લોકો આર્થિક રીતે પડી ભાંગ્યા હતા ત્યારે મૂડીબજારમાં પ્રવેશેલી અનેક કંપનીઓના IPOમાં લોકોએ રોકાણ કરીને તગડી કમાણી કરી હતી. શેરબજાર વિશે નહીં જાણનારા લોકો પણ હવે IPOમાં રસ દાખવતા થયા છે.

નાણામંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૨૧-૨૨માં દેશની સૌથી મોટી જીવન વીમા સંસ્થા ભારતીય જીવન વિમા નિગમ ( એલઆઈસી) પોતાનો IPO લાવશે. આ બાબતે એલઆઈસી અધિનિયમ સાથે જોડાયેલા બદલાવ ચાલૂ સંત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. સાથે નાણામંત્રીએ જાહેરાત કરી કે ભારત પેટ્રોલિયમ, એર ઈન્ડિયા, કોનકોર અને શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના વ્યુહાત્મક વેચાણ પણ આગામી નાણાંકીય વર્ષમાં પુરા થશે. આ યોજનાનો અમલ નીતી આયોગ કરશે એમ નાણામંત્રીએ કહ્યું હતું.

નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે બે જાહેર ક્ષેત્રની બેંકો અને એક જનરલ વીમા કંપનીનું પણ ખાનગીકરણ કરવામાં આવશે. જો કે નાણામંત્રીએ કઇ જાહેર ક્ષેત્રની બેંક અને કઇ જનરલ વીમા કંપનીનું ખાનગીકરણ કરશે તે બાબતે ફોડ પાડયો નહોતો. નાણામંત્રીએ શેરબજાર માટે માત્ર એક સિકયોરીટી માર્કેટ કોડ રજૂ કરવાની જાહેરાત કરી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે, વીમા ક્ષેત્રમાં ૭૪ ટકા FDI થઈ શકશે. પહેલા વીમા સેક્ટરમાં FDI ૪૯ ટકા જ થતી હતી. આ સિવાય રોકાણકારો માટે ચાર્ટર બનાવવાની જાહેરાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્ટાર્ટ અપ કંપની માટે જાહેરાત કરી છે. જેના હેઠળ એક ટકા કંપનીને રોકટોક વિના શરૂઆતમાં કામ કરવાની મંજૂરી મળશે આ બજેટમાં સરકારે હેલ્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ્સું ધ્યાન આપ્યું છે, પરંતુ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી આઈટી સ્લેબમાં ફેરફાર તેમજ 80C હેઠળ મળતી છૂટનો કોઈ ઉલ્લેખ પણ ના કરી નાણાંમંત્રીએ મધ્યમ વર્ગને નિરાશ કર્યો છે. જો આ રાહત મળી હોત તો અર્થતંત્રમાં વધુ રુપિયો ફરતો થવાની શક્યતા હતી, પરંતુ નાણાંમંત્રીએ પગારદાર વર્ગને રાહત આપવાનું ટાળ્યું છે. જોકે, પેન્શન અથવા વ્યાજની આવક પર નભતા ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકોને ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

એક તરફ, પેટ્રોલ અને ડીઝલના ભાવ સરકારના આકરા કરવેરાને કારણે હાલ આસમાને પહોંચ્યા છે, તેવામાં તેમાં કોઈ રાહત આપવાને બદલે નાણાંમંત્રીએ પેટ્રોલ પર રુ. ૨.૫૦ અને ડીઝલ પર રુ. ૪નો ફાર્મ સેસ લેવાની દરખાસ્ત કરતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઓર વધે તેવી શક્યતા છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન સોમવારે સંસદમાં પોતાનું ત્રીજું બજેટ રજૂ કરી રહ્યા હતા ત્યારે ખેડુતો વિશેની એક લાઈન પર વિપક્ષોએ પસ્તાળ પાડીને ભારે હંગામો મચાવી દીધો હતો. નાણામંત્રીએ જયારે બજેટની રજૂઆતમાં કહ્યું કે સરકાર ખેડુતો પ્રત્યે કટીબધ્ધ છે એની સાથે જ વિપક્ષના નેતાઓએ લોકસભામાં હંગામો મચાવી દીધો હતો અને નારેબાજી કરવા માંડી હતી. વિપક્ષોનો વિરોધ ધારધાર હતો કે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ થોડા સમય માટે અટકાવવું પડ્યું હતું. નાણામંત્રીએ આ વખતે





પહેલીવાર પેપરલેસ એટલે કે ડીજીટલ બજેટ રજૂ કર્યું હતું.

નાણામંત્રી નિર્મલા સીતારમને ખેડુતો વિશે સરકાર કટીબધ્ધ હોવાની વાત કરતા વિપક્ષોએ કૃષિ કાનુન વાપસ લો ના નારા લગાવીને લોકસભાને ગજવી નાંખી હતી. હંગોમાં વધવાને કારણે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ અટકાવવું પડ્યું હતુ.

નાણામંત્રીએ કહ્યું હતું કે અમે લોકડાઉન સમાપ્ત થયા પછી સરકારી ખર્ચ વધાર્યો છે. ૨૦૨૦-૨૧માં ૩૦.૪૨ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે, જે વધીને ૩૪.૫ લાખ કરોડ થશે. ૨૦૨૧માં રાજકીય ખાધ GDPના ૯.૫% છે. એની ભરપાઈ માટે અમને ૮૦ હજાર કરોડ રૂપિયા વધારે જોઈએ. એ માટે અમને બજાર પાસેથી અપેક્ષા છે. ૨૦૨૧-૨૨માં ૩૪.૮૩ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે. ૨૦૨૧-૨૨માં રાજકીય કાધ GDPના ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. ૨૦૨૫-૨૬ સુધી એ ઘટાડીને ૪.૫ ટકા કરવાનો અંદાજ છે. કન્ટિજન્સી ફંડને ૫૦૦ કરોડથી વધારીને ૩૦ હજાર કરોડ રૂપિયા સુધીની જોગવાઈ કરવામાં આવી છે.

### બજેટ રજૂ કરે તે પહેલાં સરકાર માટે ખુશખબર

## જાન્યુઆરીમાં રેકોર્ડ ૧.૨૦ લાખ કરોડનું GST કલેક્શન થયું

ન્યુ દિલ્હી, તા.૧

જીએસટીની વસૂલાત પર કોરોના મહામારી અસરનો અંત આવી ગયો છે. હવે એના મારફત થતી કમાણીએ ઝડપ પકડી છે. જાન્યુઆરીમાં સરકારને જીએસટીથી સૌથી વધારે આશરે ૧.૨ લાખ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. આ ડિસેમ્બરની રૂપિયા ૧.૧૫ લાખ કરોડની રેકોર્ડ કમાણી થઈ છે, જ્યારે ગયા વર્ષની તુલનામાં એ ૮ ટકા વધારે છે.

છેલ્લા ૪ મહિનાથી સરકાર જીએસટીથી રૂપિયા ૧ લાખ કરોડ કરતાં વધારે આવક મેળવી રહી છે. સરકારે કહ્યું હતું કે બનાવટી બિલ અટકાવવાની કવાયત, જીએસટી, ઈક્મ ટેક્સ અને કસ્ટમ આઈટી સિસ્ટમના ડેટાનું વિશ્લેષણ તથા અધિકારીઓનાં કડક પગલાંને લીધે છેલ્લા કેટલાક મહિનાથી વસૂલાતમાં વધારો થઈ રહ્યો છે.

સરકારે કહ્યું હતું કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ની સાંજે ૬ વાગ્યા સુધીમાં મહિનાભરની વસૂલાત ૧ લાખ ૧૯ હજાર ૮૪૭ કરોડ રૂપિયા થઈ છે. એમાંથી સીજીએસટી વસૂલાતનો હિસ્સો ૨૧ હજાર ૯૨૩ કરોડ રૂપિયા છે અને એસજીએસટી વસૂલાતનો હિસ્સો રૂપિયા ૨૯ હજાર ૦૧૪ કરોડ રૂપિયા રહ્યો છે. આઈજીએસટી વસૂલાતનો હિસ્સો ૬૦ હજાર ૨૮૮ કરોડ રૂપિયા રહ્યો છે. એમાં રૂપિયા ૨૭ હજાર ૪૨૪ કરોડની વસૂલાત આયાતી વસ્તુઓથી થઈ છે. સેસથી રૂપિયા ૮ હજાર ૬૨૨ કરોડની જ્યારે આયાતી વસ્તુથી મેળવેલ રૂપિયા ૮૮૩ કરોડ રૂપિયાની સેસ વસૂલીનો પણ સમાવેશ થાય છે.

જાન્યુઆરી મહિનામાં ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ સુધી કુલ ૯૦ લાખ જીએસઆરટી-૩બી રિટર્ન દાખલ કરવામાં આવ્યા છે. સરકારે રેગ્યુલર સેટલમેન્ટ સ્વરૂપમાં આઈજીએસટીથી એસજીએસટીમાં ૨૪ હજાર ૫૩૧ કરોડ રૂપિયાના અને એસજીએસટીમાં ૧૯ હજાર ૩૭૧ કરોડ રૂપિયાનું સેટલમેન્ટ કરવામાં આવ્યુ છે. રેગ્યુલર સેટલમેન્ટ બાદ જાન્યુઆરી ૨૦૨૧માં કેન્દ્ર સરકારને સીજીએસટીથી કુલ ૪૬ હજાર ૪૫૪ કરોડ રૂપિયા અને તમામ રાજ્યોને એસજીએસટી થી કુલ ૪૮ હજાર ૩૮૫ કરોડ રૂપિયાની કમાણી થઈ.

## ચૂંટણીવાળા રાજ્યો માટે મોદી સરકારે પટારો ખોલ્યોઃ ૨.૨૭ લાખ કરોડ ફાળવ્યા

*ન્યુ દિલ્હી, તા. ૧*

ચૂંટણીવાળા રાજ્યોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કુલ ૨.૨૭ લાખ કરોડની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં ખાસ વાત એ છે કે બંગાળ કરતાં વધારે ધ્યાન તમિલનાડુનુ રાખામાં આવ્યું છે. આસામ, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ માટે મોટા માર્ગ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને બજેટ ભાષણમાં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ૯૫,૦૦૦ કરોડના ખર્ચે ૬૭૫ કિલોમીટર લાંબો હાઈવે બનાવવામાં આવશે, જે કોલકાતાને સિલિગુરીથી જોડશે.

નાણાં પ્રધાને બજેટ ભાષણમાં માર્ગ, પરિવહન અને હાઈવે ક્ષેત્ર માટે રૂ. ૧.૧૮ લાખ કરોડનું બજેટ પ્રસ્તાવ રાખ્યો છે. આ અંતર્ગત કેરળમાં ૬૫૦૦૦ કરોડના ખર્ચે ૧૧૦૦ કિલોમીટર લાંબો હાઈવે બનાવવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે આસામમાં ૧૯ હજાર કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આગામી ત્રણ વર્ષમાં ૧૩૦૦ કિ.મી. લાંબા રસ્તા બનશે. નાણામંત્રીએ આગામી ત્રણ વર્ષમાં આસામમાં હાઈવે અને આર્થિક કોરિડોરની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને કહ્યું કે, રાજમાર્ગનું નિર્માણ દક્ષિણ રાજ્ય તામિલનાડુમાં ૩૫૦૦ કિલોમીટરની લંબાઈમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે તામિલનાડુમાં નેશનલ હાઈવે પ્રોજેક્ટ અને આર્થિક કોરિડોરની કિંમત ૧.૦૩ લાખ કરોડ રૂપિયા હશે. આ અંતર્ગત હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. સીતારમને મુંબઈ-કન્યાકુમારી આર્થિક કોરિડોરની પણ જાહેરાત કરી છે.

નિર્મલા સીતારામને પોતાના બજેટ ભાષણમાં બે શહેરોમાં મેટ્રો લાઈટ અને મેટ્રો નિયો સેવા શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે હાલના મેટ્રો ટ્રેન કરતાં નવા પ્રોજેક્ટમાં ઓછો ખર્ચ થશે. નાણાં પ્રધાને ચેન્નઈ, નાગપુર સહિત ઘણા શહેરોમાં મેટ્રો નેટવર્કને વિસ્તૃત કરવાની પણ જાહેરાત કરી છે. તેમણે આવતા નાણાકીય વર્ષમાં રેલવે માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવ મૂક્યો છે.

## કોરોના વેક્સિન માટે સરકારે ફાળવી જંગી રકમ, ૩૫ હજાર કરોડના ફંડની જાહેરાત

*ન્યુ દિલ્હી, તા. ૧*

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારમને બજેટ ૨૦૨૧-૨૨માં કોરોના વેક્સિનના વિકાસ માટે ૩૫,૦૦૦ કરોડ રૂપિયા ફંડની જાહેરાત કરી છે. આ ફંડનો ઉપયોગ દેશમાં કોરોના વેક્સિનના વિકાસ, વિતરણ અને રસીકરણ માટે કરવામાં આવશે.

નાણાં મંત્રીએ બજેટ રજૂ કરતાં કહ્યું કે, આજે ભારતમાં બે વેક્સિન ઉપલબ્ધ છે. જેનાથી અમે દેશના નાગરિકોના જીવનની રક્ષા કરી રહ્યાં છે. અમે ૧૦૦થી વધુ દેશોને પણ કોરોના વેક્સિન આપવાની પ્રક્રિયા શરૂ કરી છે. તેમણે કહ્યું કે, આ ખૂબ જ રાહત આપનારી વાત છે કે ટૂંકમાં જ દેશમાં બે વધુ વેક્સિન આવનારી છે.

નિર્મલા સીતારમને કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વૈજ્ઞાનિકોને શુભેચ્છા આપીને આ વેક્સિન લોન્ચ કરી છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૩૫ હજાર કરોડ રૂપિયા કોરોના વેક્સિન માટે આપવામાં આવ્યા છે અને જો જરૂર પડશે તો આના માટે સરકાર વધુ નાણાં આપવા માટે તૈયાર છે. સ્વાસ્થ્ય અને કલ્યાણ ક્ષેત્ર માટે ૨.૨૩ લાખ કરોડ રૂપિયા છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં બજેટમાં ૧૩૭ ટકાથી વધુ વધારો કરાયો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૨૯૮**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૬૧૧૯૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૪૦૬**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૫૪૨૦૯**

### બજેટ ૯૪ હજાર કરોડથી વધારી ૨.૩૮ લાખ કરોડ કરાયું

## મોદી સરકારનું ફોકસ સ્વાસ્થ્ય બજેટ પરઃ ૧૩૫ ટકાનો વધારો કરાયો

*ન્યુ દિલ્હી, તા. ૧*

કોરોના કાળમાં આ વાતની આશા કરવામાં આવી રહી હતી કે હેલ્થ સેક્ટરને મોદી સરકાર તરફથી કઈકને કઈક ખાસ મળશે, મોદી સરકારે કોરોનાને જોતા સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે બજેટમાં વધારો કર્યો છે અને એક ખાસ સ્કિમ પણ ચલાવવામાં આવી છે. મોદી સરકારે બજેટ દ્વારા આત્મનિર્ભર સ્વાસ્થ્ય યોજનાની ભેટ દેશના લોકોને આપી. સ્વાસ્થ્ય બજેટમાં ૧૩૫ ટકાનો વધારો થયો છે અને તેને ૯૪ હજારથી ૨.૩૮ લાખ કરોડ કરવામાં આવી છે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકારે આવતા ૬ વર્ષમાં આશરે ૬૧ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરશે. તેમણે જણાવ્યું કે તે હેઠળ પ્રાઈમરી લેવલથી લઈને ઉચ્ચ સ્તર સુધીની સ્વાસ્થ્ય સેવાઓ પર ખર્ચ કરવામાં આવશે. નવી બીમારીઓ પર પણ ફોકસ હશે. જે નેશનલ હેલ્થ મિશનથી અલગ હશે.

બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે ૭૫ હજાર ગ્રામી હેલ્થ સેન્ટર ખોલવામાં આવશે. દરેક જિલ્લામા તપાસ કેન્દ્ર, ૬૦૨ જિલ્લામાં ક્રિટિકલ કેર હોસ્પિટલ ખુલશે, નેશનલ સેન્ટર ફોર ડિસીજ કંટ્રોલ, ઈંટિગ્રેટેડ હેલ્થ ઈંફો પોર્ટલને વધુ મજબૂત કરવામાં આવશે. ૧૭ નવા પબ્લિક હેલ્થ યુનિટને પણ ચાલું કરવામાં આવશે. સરકારે નેશનલ ઈન્સ્ટીટ્યૂશ ઓફ વર્લ્ડ હેલ્થ બનાવવાની પણ જાહેરાત કરી છે. એટલું જ નહીં ૯ બાયો લેબ પણ બનાવવામાં આવશે કોરોનાને ધ્યાનમાં રાખતા ચાર ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજી પણ બનાવવાના મહત્વના પગલા લીધા છે.

## આત્મનિર્ભરતાનું બજેટઃ કરદાતા નિરાશ, ઇન્કમટેક્સ સ્લેબમાં કોઇ ફેરફાર નહીં

*ન્યુ દિલ્હી, તા. ૧*

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સામાન્ય બજેટમાં આવકવેરા અંગે કોઈ મોટી જાહેરાત કરી નથી. નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આવકવેરા મુક્તિ મર્યાદામા વધારો કરશે એવી આશા હતી પણ એવી કોઈ જાહેરાત કરાઈ નથી. આવકવેરાના સ્લેબ તથા બીજા તમામ નિયમો યથાવત રખાયા છે.

નિર્મલા સીતારમણ દ્વારા ગયા વર્ષે બજેટમાં નવી ઈક્મ ટેક્સ વ્યવસ્થા રજૂ કરવામાં આવી હતી. આ વ્યવસ્થામાં સાત ટેક્સ સ્લેબ બનાવવામાં આવ્યા હતા. આ સાત સ્લેબ ૦ ટકા, ૫ ટકા, ૧૦ ટકા, ૧૫ ટકા, ૨૦ ટકા, ૨૫ ટકા અને ૩૦ ટકાના હતા જયારે જુના ટેક્સ નિયમમાં ૦ ટકા, ૫ ટકા, ૨૦ ટકા અને ૩૦ ટકા એમ ચાર સ્લેબ છે. નવી ઈક્મ ટેક્સ વ્યવસ્થામાં ૫ લાખથી ૧૫ લાખ રૂપિયાની વચ્ચેની આવક પર ટેક્સના દર ઓછા હતા પણ તેમાં તેમાં કોઈ છૂટ મળતી નહોતી. નવી ટેક્સ વ્યવસ્થામાં સેક્શન 80C અને સેક્શન 80CCA(ડિપોઝીટ અન્ડર નેશનલ સેવિંગ સ્કીમ) અંતર્ગત ઈન્વેસ્ટમેન્ટ પર મળનારી છૂટને સામેલ કરવામાં આવી નથી. તેમાં અલગ-અલગ પ્રકારની ૭૦ છુટ અને ડિડકશન(કાપ)ને ખત્મ કરવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### સિમટવા જઈ રહેલું ખેડૂત આંદોલન પુનઃ કોના કારણે વધુ જોશભેર ઉપડ્યું.....?

દેશનું વર્ષ ૨૦૨૧-૨૨ નું બજેટ આજે નાણા મંત્રીશ્રી રજૂ કર્યુ તેના પર ઉધોગ પતિઓ, નાના-મોટા વેપાર- ધંધાદારીઓ અને શેરબજારની તેમજ મજૂર સંગઠનો પણ શ્રમજીવીઓને માટે કેવી રાહતો જાહેર કરશે તેના પર નજર રાખી રહ્યા હતા પરંતુ બજેટ જાહેર થતા દરેક નિઃસાસા નાખતા એકજ વાત કરતાં હતાં કે આ તો પશ્ચિમ બંગાળ,તામિલનાડુ,આસામ સહિતમાં આવી રહેલી ચૂંટણીઓને નજરમાં રાખી તૈયાર કરેલું બજેટ છે.આ બજેટથી બજારો ગાજતા થશે નહીં કે નાના મોટા વેપાર ધંધામાં તેજી પણ આવશે નહી....! બીજી તરફ દેશમાંથી કોરોના ખતમ થવાની ઝડપ વધી ગઈ છે. દેશભરમાં કોરોના વોરિયર્સ સહિતનાને રસી આપવાના અભિયાનની પણ ઝડપ પણ વધી ગઈ છે... પરંતુ નવા કૃષિ કાનુન વિરુદ્ધમાં ખેડૂત ટ્રેક્ટર રેલી દરમિયાન પ્રજાસત્તાકદિને દિલ્હી લાલ કિલ્લા ખાતે ધમાસણ મચી ગયું અને ખેડૂતોને તે તરફ દોરી જનાર બાબતેની વાતોથી જાણે હવે ખેડૂત આંદોલન સમેટાઇ જશે તેવી ચર્ચા જામી ગઈ.... પરંતુ કૃષિ કાનુન વિરોધના આંદોલનમાં જેના ફોટા વડાપ્રધાનશ્રી સાથે હતા તથા ફિલ્મ કલાકાર શનિ દેઓલનો લોકસભા ચૂટણીમા ધડાકાભેર જોરદાર પ્રચાર કરનાર દિન સિધ્ધુના ફોટા અને વિડીયો વાયરલ થયા જેમાં લાલ કિલ્લા તરફ ખેડૂતો ગયા તેની દોરવણી કરી રહ્યા હોવાનું જોવા મળતા... ખેડૂત નેતાઓએ આંદોલન સમેટી લેવાની જાહેરાત કરતા રેલીમાં ટ્રેક્ટર લઇ આવેલા ખેડૂતો પોતાના વતન તરફ પરત ફરવા લાગ્યા બીજી તરફ દિલ્હીમા વિવિધ પોલીસ સ્ટેશનોમાં ખેડૂત નેતાઓ સામે ફરિયાદ નોંધવાની શરૂઆત થઈ ગઈ. જ્યારે ભારતીય કિસાન યનિયનના નેતા રાકેશ ટિકૈતે ખેડૂતો સાથે ગાજીપુર બોર્ડર પર જમાવડો કરી દીધો. ત્યારે ભાજપના ધારાસભ્ય નંદકિશોર ગુર્જર પોતાના ટેકેદારો સાથે આંદોલનકારી ખેડૂતો વચ્ચે પહોંચી જઈને ધાધલ- ધમાલ કરી લાઠીચાર્જ કરાવી દીધો. પછીથી પોલીસ દ્વારા ખેડૂતોના તંબુ કાઢી નાખ્યા, પાણી બંધ કરાવી દેવાયું, લાઈટ કનેક્શન કાપી નખાયા જેથી ખેડૂત નેતાઓ પણ અકળાઈ ગયા પરંતુ આ ટીકૈતનો નવો વીડિયો રડતા અવાજે વાયરલ થયો અને તે વીડિયોના દેશભરના ખેડૂતોમાં ઘેરા પ્રત્યાઘાત પડયા. જેમાં હરિયાણા, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને પંજાબમાં વધુ અસર થઇ હોય હજારો ખેડૂતો ગાજીપુર સરહદે દીલ્હી-મેરઠ રાજમાર્ગ પર ઉમટી પડ્યા અને હજારો ખેડૂતો ઉમટી પડ્યા...પોલીસ પણ પાછળ હટી ગઈ. જ્યારે દિલ્હી કેજરીવાલ સરકારે લાઈટ, પાણી સહિતની સુવિધા ચાલુ કરાવી દીધી.....!

કેન્દ્ર સરકાર માટે તકલીફ એ થઈ છે કે પેદા કરવામાં આવી છે કે કહેવાતા કૃષિ નિષ્ણાતોએ કેન્દ્ર સરકારને ગેરમાર્ગે દોરીને ફસાવી દીધી છે... તેની સામે કિસાનો એટલા હોશિયાર સાબિત થયા કે લાલ કિલ્લા પર થયેલી ધમાલ પરથી જે ચર્ચાઓ જામી હતી અને સરકારે જે કાંઈ કહ્યું હતું તેના તરફથી લોકોનું ધ્યાન બીજે વાળી દીધું. તેમાં પણ ભાજપમાં મોટી તકલીફ એ છે કે ભાજપના જ પોતાને સર્વજ્ઞ સમજતા બેફામ વાણીવિલાસ સમજ્યા વગર કરીને ખેડૂતોને ભડવતા રહ્યા.જેમાં પણ એમાં દીપ સીધ્ધુ, નંદકિશોર ગુર્જરના આંદોલનકારી ખેડૂતો સાથેના વ્યવહાર અને તે સમયની ઘટનાઓ.... તેમાં પણ તાજેતરમાં કેજરીવાલનો પાત્રાએ ફેક વિડિયો બનાવેલ તેની પોલ બહાર પાડી આપ નેતાએ... જે કારણે ભાજપને આને કેન્દ્ર સરકારને પછડાટ મળી....! અને છેલ્લે બાકી હતું તો તાજેતરમાં મેઘાલયના રાજ્યપાલશ્રીએ ખેડૂત આંદોલનની તરફેણમાં નિવેદન કરતાં જણાવ્યું કે દુનિયામાં કોઈ પણ આંદોલનને દબાવીને કે કચડીને શાન્ત ન કરી શકાય. હું પોતે ખેડૂતોની સમસ્યા સમજી શકું છું તેથી આ મુદ્દાનો (મતલબ નવા કૃષિ કાનુનનો) ઝડપી ઉકેલ લાવવો દેશના હિતમાં છે. તેમને ખેડૂતો આંદોલન શાંતિથી કરી રહ્યા છે તેવો પણ દાવો કર્યો હતો. અને ભાજપ સરકારે નિયુક્ત કરેલા મેઘાલયના રાજ્યપાલના નિવેદનના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તે સાથે ખેડૂતો પણ જોશમાં આવી ગયા છે. ત્યારે ખટ્ટર સરકારના ચૌટાલાના પક્ષના ટેકેદાર ધારાસભ્યો પણ હવે ખેડૂતના સમર્થનમા આવી રહ્યા છે. ટૂંકમાં ભાજપના નેતાઓ ખૂદ ખેડૂત આંદોલનના હવનમાં ઘી હોમી રહ્યા છે.... તેમ આમ પ્રજામાં ચર્ચાઓ ફરી વળી છે. અને આવાજ સમયમાં આમ આદમી પાર્ટીએ ખેડૂત આંદોલનકારીઓ ઉપર ભાજપનો કાર્યકર હુમલો કરતો દેખાય છે તેવો વિડિયો પત્રકારો સમક્ષ રજૂ કરતા ભાજપ નેતાગણ અને સરકાર માટે પરેશાની વધી પડી છે.....!

### થોડા જ કલાકોમાં રોકાણકારોએ ૪ લાખથી વધુની કમાણી કરી

# બજેટથી શેરબજાર ખુશખુશાલઃ સેન્સેક્સમાં ઐતિહાસિક ૨૩૧૪ અંકનો ઉછાળો



મુંબઇ,તા.૧

નાણાં પ્રધાને કરેલી બજેટની જાહેરાત બાદ આજે રોકાણકારોની ચાંદી થઇ ગઇ છે. જેમાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ વધીને ૧,૯૦,૩૫,૩૩૫.૮૯ કરોડ થઈ છે. જ્યારે શુક્રવારે તે ૧,૮૬,૧૨,૬૪૪.૦૩ કરોડ હતી. એટલે કે, થોડા કલાકોમાં રોકાણકારોની સંપત્તિમાં ૪ લાખ કરોડથી વધુનો વધારો થયો છે.

શેરબજારમાં આજે ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જેમાં સેન્સેક્સ +૨,૩૧૪.૮૪ પોઇન્ટ એટલે ૫.00% ટકાના ઉછાળા સાથે ૪૮,૬૦૦.૬૧ પર આગળ વધી બંધ રહ્યો છે. તેમજ નિફ્ટી +૬૪૬.૬૦ પોઇન્ટ એટલે ૪.૭૪% ટકાના વધારા સાથે ૧૪,૨૮૧.૨૦ પર બંધ રહી છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણનું આ ત્રીજુ બજેટ દેશના અર્થતંત્ર માટે ખૂબ મહત્વનું છે. બજેટથી શેરબજારમાં ઉછાળા આવ્યો છે. નિર્મલા સીતારમણના બજેટ પર ભાષણ દરમિયાન શેર?બજારમાં ઉછાળો આવવાનો શરૂ થઇ ગયો હતો. આજે સેન્સક્સ અને નિફ્ટી બંને ઇન્ડેક્સમાં સારી ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ ૨,૩૧૪ પોઇન્ટની વૃદ્ધિ સાથે ૪૮,૬૦૦.૬૧ પર બંધ થયો છે. ઉપરાંત નિફ્ટી ૧૪,૨૮૧.૨૦ ની લેવલ પર છે.

સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેંક્ર, આઈસીઆઈસી બેંક્ર, બજાજ ફાઈસર્વ, એસબીઆઇ, એચડીએફસી સહિતના શેર વધીને બંધ થયા હતા. ઈન્ડસઈન્ડ બેંક્ર ૧૭.૭૫ ટકા વધી ૯૭૧.૧૦ પર બંધ થયો હતો. જ્યારે આઈસીઆઈસી બેંક્ર ૧૨.૪૭ ટકા વધી ૬૦૩.૯૫ પર બંધ થયો હતો. જોકે ડો.રેડ્ડી લેબ્સ, ટેક મહિન્દ્રા, એચયુએલ સહિતના શેર ઘટીને બંધ રહ્યા હતા. ડો.રેડ્ડી લેબ્સ ૩.૭૦ ટકા ઘટીને ૪૪૨૮.૬૦ પર બંધ થયો હતો. ટેક મહિન્દ્રા ૧.૫૮ ટકા ઘટીને ૯૪૬.૫૦ પર બંધ થયો હતો. બજેટના દિવસે શેર બજારની વાત કરીએ તો છેલ્લા દસ વર્ષમાં બજેટના દિવસે શેર બજારમાં ક્યારેક ઠંડુ તો ક્યારેક બિલકુલ નબળું રિએક્શન જોવા મળ્યું. બજેટના દિવસે ૧૦ વર્ષમાં માત્ર ત્રણ વખત જ સેન્સેક્સમાં ઉછાળો જોવા મળ્યો અને સાત વખત બજારને નિરાશા હાથ લાગી છે.

### બજેટમાં રેલવે માટે વિશેષ પેકેજની જાહેરાત, રેકોર્ડ ૧.૧૦ લાખ કરોડ ફાળવાયા

*ન્યુ દિલ્હી,તા.૧*

નાણાં મંત્રી નિર્મલા સીતારમને વર્ષ ૨૦૨૧-૨૨નો બજેટ રજૂ કરતાં કેટલી મહત્વની જાહેરાતો કરી. ખાસ કરીને બજેટમાં રેલવે માટે વિશેષ પેકેજની જાહેરાત કરાઇ. તેમણે કહ્યું કે, રેલવે માટે રેકોર્ડ ૧,૧૦,૦૫૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જેમાંથી ૨૦૨૧-૨૨માં મૂડી ખર્ચ માટે ૧,૦૭,૧૦૦ કરોડ રૂપિયા છે.

બજેટમાં કોચ્ચિ, ચેન્નાઈ, બેંગલુરુ, નાગપુર અને નાસિક મેટ્રો રેલ લાઈનમાં ઘણી જાહેરાતો કરવામાં આવી છે. ખાસ કરીને હવે મેટ્રો બનાવવામાં લાઈટ અને નિયો નામની બે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નિર્મલા સીતારમને કહ્યું કે, ડિસેમ્બર ૨૦૨૩ સુધી બ્રોડ ગેજ રેલ પાટાનું વિદ્યુતીકરણનું કામ પૂરી થઈ જશે. ભારતીય રેલવેએ ૨૦૩૦માં ભારત માટે એક રાષ્ટ્રીય રેલ યોજના તૈયાર કરી છે. આ યોજના ૨૦૩૦ સુધી ભવિષ્ય માટે તૈયાર રેલવે પ્રણાલી બનાવવાની છે.

નેશનલ રેલ પ્લાન ૨૦૩૦ તૈયાર છે. ફ્યૂચર રેડી સેલ સિસ્ટમ બનાવવું આપણું લક્ષ્યાંક છે. મેક ઈન્ડિયા ઉપર ફોકસ કરવું જરૂરી છે. અને મોદી સરકાર એ જ કરશે. ૨૦૩૦ સુધી બ્રોડ ગેજ લાઈનનું વિદ્યુતી કરણ કરાશે. વેસ્ટર્ન એન્ડ ઈસ્ટન ફ્રેન્ડ કોરિડોર જૂન ૨૦૨૨ સુધી તૈયાર થઈ જશે. સોન નગર ગોમો સલેક્શન પીપીપી મોડલ પર બનશે.

**રેલવેને લઈ બજેટમાં શું?**

રેલવેમાં ૧ લાખ ૧૦ હજાર ૫૫ કરોડની ફાળવણી
રેલવેમાં કેટલીક વધુ ફ્રેટ કોરીડોરની યોજના
બ્રોડગેજ માટે વિદ્યુતીકરણનું કામ તેજ કરાશે
૨૦૨૨ સુધી બંને ફ્રેટ કોરીડોરનું કામ શરૂ કરાશે
પર્યટક રુટ માટે રેલવેનો નવો પ્લાન
મેક ઇન ઇન્ડિયા પર વધુ જોર અપાશે
૨૦૩૦થી નવી રેલ યોજના શરૂ થશે

**મેટ્રો પ્રોજેક્ટ માટે શું?**

મેટ્રો પ્રોજેક્ટ માટે કેન્દ્રની નવી યોજના
બે પ્રકારની મેટ્રોઃ મેટ્રો લાઈટ અને મેટ્રો નિયો
મેટ્રોના વિસ્તાર માટે કેન્દ્ર મદદ કરશે
વધુ કેટલાક શહેરોમાં મેટ્રો પ્રોજેક્ટ શરૂ થશે
મેટ્રો માટે ૧૧ હજાર કરોડની ફાળવણી
કોચ્ચિ, ચેન્નાઇ, નાગપુર, નાસિકમાં મેટ્રો પ્રોજેક્ટ
હાલ ૭૦૨ કિલોમીટર સુધી મેટ્રો ચાલી રહી છે
૨૭ શહેરમાં કુલ ૧ હજાર ૧૬ કિલોમીટર રૂટ પર મેટ્રોનું કામ ચાલી રહ્યું છે
ઓછા ખર્ચ મેટ્રો લાઇટ્સ અને મેટ્રો નિયો શરૂ કરાશે
કોચ્ચિ મેટ્રોમાં ૧૯૦૦ કરોડના ખર્ચે ૧૧ કિમીનો રૂટ તૈયાર કરાશે
ચેન્નાઇમાં ૬૩ હજાર કરોડના ખર્ચે ૧૮૦ કિમી લાંબો રૂટ તૈયાર કરાશે
બેંગલુરુમાં ૧૪ હજાર ૭૮૮ કરોડના ખર્ચે ૫૮ કિમી લાંબી મેટ્રો લાઇન બનશે
નાગપુરમાં ૫ હજાર ૯૭૬ કરોડ અને નાસિકમાં ૨ હજાર ૯૨ કરોડના ખર્ચે મેટ્રો બનશે

### ગ્રાહકો પોતાની મન-મરજીથી વિજળી કંપની પસંદ કરી શકશે

*ન્યુ દિલ્હી,તા.૧*

બજેટ ૨૦૨૧માં સરકારે સામાન્ય ગ્રાહકોને મોટો ફાયદો કરાવ્યો છે. ઉર્જા સેક્ટરમાં એલાન કરતા સરકારે ગ્રાહકો હવે આ સુવિધા પ્રદાન કરી છે કે હવે તેઓ પોતાની મન મરજીથી વિજળી કંપનીઓને પસંદ કરી શકશે. આ હેઠળ વિજળી ગ્રાહકોને એકથી વધારે વિતરણ કંપનીઓમાંથી કોઈને પસંદ કરવાનો વિકલ્પ આપવા માટે રૂપરેખા તૈયાર કરવામાં આવશે. માત્ર એટલુ જ નહીં વિજળી ગ્રાહકોને વિતરણ કંપનીઓને વિકલ્પ આપવા માટે નિયમ બનાવવામાં આવશે.

નાણા મંત્રીએ આ સાથે જ એલાન કર્યુ કે સરકાર હરિત ઉર્જા સ્ત્રોતોથી હાઈડ્રોજન ઉત્પાદન માટે આગામી નાણાકીય વર્ષમાં હાઈડ્રોજન ઉર્જા મિશન શરૂ કરવાનો પ્રસ્તાવ કરે છે. ગયા ૬ વર્ષમાં વિજળી ક્ષેત્રમાં કેટલાક સુધાર કરવામાં આવ્યા. આ દરમિયાન કેટલીક ક્ષમતામાં ૧,૩૮,૦૦૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા જોડવામાં આવી.

નાણા મંત્રી નિર્મલા સીતારમને વીજળી ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. સરકાર તરફથી ૩ લાખ કરોડ રૂપિયાથી વધારેની સ્કીમ લોન્ચ કરવામાં આવી રહી છે, જે દેશમાં વીજળી સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાનું કામ કરશે. સરકરે હાઇડ્રોજન પ્લાન્ટ નિર્માણની પણ જાહેરાત કરી છે. વિજળી ક્ષેત્રે PPP મોડલ અંતર્ગત કેટલાય પ્રોજેક્ટને પુરા કરવામાં આવશે.

### ખેડૂતોને ૭૫,૧૦૦ કરોડની MSP, E-Nam સાથે વધુ ૧૦૦૦ માર્કેટયાર્ડ જોડાશે

*ન્યુ દિલ્હી,તા.૧*

ખેડૂતો માટે બજેટમાં મોટી જાહેરાત કરવામાં આવી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યુ કે, મુશ્કેલીના આ સમયમાં પણ મોદી સરકારનું ફોકસ ખેડૂતોની આવક ડબલ કરવા અને વિકાસની ઝડપ વધારવા અને સામાન્ય લોકોને સહાયતા પહોચાડવા પર છે. બજેટમાં કહેવામાં આવ્યુ છે કે ખેડૂતોને ખર્ચ કરતા દોઢ ગણો વધુ MSP આપવાનો પ્રયાસ કરવામાં આવશે. કહેવામાં આવ્યુ કે તમામ કોમોડિટી પર દોઢ ગણી વધુ MSP આપવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં MSP માટે ૭૫,૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નીર્મલા સીતારમણે કહ્યું કે ૧૦૦૦ વધુ માર્કેટયાર્ડને ઈલેક્ટ્રોનિક રાષ્ટ્રીય બજાર(e-NAM) અને કૃષિ મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવશે. તેમણે કહ્યું કે મૂળભૂત સુવિધાઓ વધારવા માટે એપીએમસીને ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણમાં કહ્યુ કે સરકાર ખેડૂતોની આવક ડબલ કરવા તરફ કામ કરી રહી છે. નિર્મલા સીતારમણ તરફથી કહેવામાં આવ્યુ કે યુપીએ સરકારથી ત્રણ ગણી રકમ મોદી સરકારે ખેડૂતોના ખાતામાં પહોચાડી છે. નાણા મંત્રીએ કહ્યુ કે મોદી સરકાર તરફથી દરેક સેક્ટરમાં ખેડૂતોની મદદ કરવામાં આવી છે. દાળ, ઘઉં, ધાન સહિત અન્ય પાકની એમએસપી વધારવામાં આવી છે. APMCને એગ્રી ઈન્ફ્રા ફંડના દાયરામાં લાવવામાં આવશે. દેશમાં ૫ મોટા ફિશિંગ હબ બનાવવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યુ કે સ્વામિત્વ યોજના હવે દેશભરમાં લાગુ કરવામાં આવશે. એગ્રીકલ્ચરના ક્રેડિટ ટાર્ગેટને ૧૬ લાખ કરોડ સુધી કરવામાં આવી રહ્યુ છે. ઓપરેશન ગ્રીન સ્કીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કેટલાક પાકને સામેલ કરવામાં આવશે અને ખેડૂતોને લાભ પહોચાડવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણ તરફથી કહેવામાં આવ્યુ કે પાંચ ફિશિંગ હાર્બરને આર્થિક ગતિવિધિના હબ તરીકે તૈયાર કરવામાં આવશે. તમિલનાડુમાં ફિશ લેન્ડિંગ સેન્ટરનો વિકાસ કરવામાં આવશે.

પ્રવાસી મજૂરો માટે દેશભરમાં એક દેશ-એક રાશન યોજના શરૂ કરવામાં આવી છે. એક પોર્ટલની શરૂઆત કરવામાં આવશે જેમાં માઇગ્રેટ વર્કર સાથે જોડાયેલો ડેટા હશે.

### ૧૦૦ નવી સૈનિક સ્કૂલો ખૂલશેઃ લેહમાં કેન્દ્રિય યુનિવર્સિટી સ્થપાશે

*ન્યુ દિલ્હી,તા.૧*

નાણા મંત્રી નિર્મલા સીતારમણજ ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કર્યુ હતું. બજેટમાં શિક્ષણના ક્ષેત્રમાં પણ જાહેરાત કરવામાં આવી છે. નાણા મંત્રી ૧૦૦ નવા સૈનિક સ્કૂલ ખોલવાની જાહેરાત કરવામાં આવી તો એનજીઓની મદદથી અગાઉ જાહેર કરેલા ઉચ્ચ શિક્ષણ કમિશન બનાવવાની વાત કરી હતી. લેહમાં કેન્દ્રીય યૂનિવર્સિટી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન પર ૫૦,૦૦૦ કરોડ ખર્ચ કરવામાં આવશે.

અનુસૂચિત જાતિઓ માટે ૩૫ હજાર કરોડ રૂપિયાની સ્કૉલરશિપ આપવામાં આવી. ચાર કરોડ વિદ્યાર્થીઓને ફાયદો થયો. નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન પર ૫૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે.

આદિવાસી વિસ્તારમાં ૭૫૮ એકલવ્ય સ્કૂલ બનાવવામાં આવશે. એક સ્કૂલ પર ૩૮ કરોડ રૂપિયા ખર્ચ થશે. અનુસૂચિત જાતિઓ માટે ૩૫ હજાર કરોડ રૂપિયા સ્કૉલરશિપ આપવામાં આવી.

નાણા મંત્રીએ જણાવ્યુ કે અનુસૂચિત જાતિના ૪ કરોડ વિદ્યાર્થીઓ માટે ૩૫ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ વિસ્તારમાં સંયુક્ત અરબ અમીરાત સાથે મળીને સ્કિલ ટ્રેનિંગ પર કામ કરવામાં આવી રહ્યુ છે, જેનાથી લોકોને કામ મળી શકે. જેમાં ભારત અને જાપાન મળીને પણ એક પ્રોજેક્ટ ચલાવી રહ્યા છે.

### કેન્દ્ર સરકારની મોટી જાહેરાત, બેંક ડૂબશે તો મળશે ૫ લાખ રૂપિયા

*ન્યુ દિલ્હી,તા.૧*

કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૧ માં બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવવાની જાહેરાત કરી છે. તેમજ કેન્દ્ર સરકારે બેંક ખાતા ધારકોને મોટી રાહત આપી છે, કેન્દ્ર સરકારે વીમાની રકમ ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરી દીધી છે. મતલબ કે જો તમે તમારા પૈસા બેંકમાં રાખશો, તો તમને ૫ લાખ રૂપિયા મળી શકશે. એટલે કે, બેંકો બંધ થવા પર ગ્રાહકોને મળતું નુકસાન ચૂકવી શકાય છે. અગાઉ બેંકમાં રાખેલા પૈસાનો વીમો એક લાખ રૂપિયા હતો, પરંતુ સરકારે તેમાં વધારો કર્યો છે. તે જ સમયે, સરકાર બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવશે. આ સાથે નાણાં પ્રધાને બેંકોના પુનઃ પુંજીકરણ માટે ૨૦ હજાર કરોડની બજેટ જોગવાઈ કરી છે. તેમણે કહ્યું કે સરકાર બેંકોને ૨૦ હજાર કરોડની મૂડી પૂરી પાડશે.

નાણાપ્રધાન નિર્મલા સીતારામણે બજેટમાં જાહેર ક્ષેત્રની બેક્રો માટે એક મહત્વની જાહેરાત કરી છે. નાણાપ્રધાને જાહેર ક્ષેત્રની બેક્રો માટે બજેટમાં રુ ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે. બેક્રોને બેડ લોન્સ (ડૂબેલી લોન)માંથી ઉગારવા માટે એસેટ રિકન્ટ્રક્શન કંપની એન્ડ એસેટ મેનેજમેન્ટ કંપની રચવાની પણ જાહેરાત કરી છે.

### વડાપ્રધાન આત્મનિર્ભર સ્વસ્થ ભારત' યોજના માટે ૬૪૧૮૦ કરોડ ફાળવવામાં આવ્યા

*ન્યુ દિલ્હી,તા.૧*

કોરોના સંકટે કેન્દ્ર સરકારને જાગ્રૃત કરી છે. એવી આશા હતી કે બજેટમાં સરકાર સ્વાસ્થ્ય સુધારા માટે મોટી જાહેર કરી શકે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં હેલ્થ સેક્ટરને લઈને મોટી જાહેરાત કરી છે. તેમણે બજેટમાં 'ૅસ આત્મનિર્ભર સ્વસ્થ ભારત' યોજનાની જાહેરાત કરી છે. આ યોજના માટે ૬૪૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે.

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે આ યોજના માટે ૬૪૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. જેને આગામી ૬ વર્ષમાં ખર્ચવાનો પ્લાન છે. આ સિવાય પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રોને મજબૂત કરવામાં આવશે.

તેની સાથે જ સરકાર તરફથી WHOનું સ્થાનિક મિશન ભારતમાં લોન્ચ કરવામાં આવશે. નાણાં મંત્રીએ જણાવ્યું કે સ્વાસ્થ્ય ક્ષેત્રના બજેટને ૧૩૭ ટકા વધારવામાં આવ્યું છે. નાણાં મંત્રીએ જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સેવાને સારી બનાવવા માટે પ્રાઈમરીથી લઈને ઉચ્ચ સ્તર સુધીની સ્વાસ્થ્ય સેવાઓ પર બજેટમાં જાહેર કરવામાં આવેલા ફન્ડને ખર્ચવામાં આવશે. નવી બીમારીઓ પર ફોકસ કરવામાં આવશે. ૫ હજાર ગ્રામીણ હેલ્થ સેન્ટર, તમામ જિલ્લાઓમાં તપાસ કેન્દ્ર, ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોક ૬૦૨ જિલ્લાઓમાં, નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ, ઈન્ટિગ્રેટેડ હેલ્થ ઈનફો પોર્ટલને મજબૂત બનાવવામાં આવશે. આ સિવાય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે સ્વચ્છ ભારત મિશનને આગળ વધારવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત શહેરમાં અમૃત યોજનાને આગળ વધારવામાં આવશે. તેના માટે ૨,૮૭,૦૦૦ કરોડ રૂપિયા ઈસ્યુ કરવામાં આવશે. તેની સાથે જ નાણાં મંત્રી તરફથી મિશન પોષણ ૨.૦ની જાહેરાત કરવામાં આવી છે.

### સરકાર બીપીસીએલ,એર ઈન્ડિયા,કોનકોર,એસસીઆઇનામાંથી પોતાની ભાગીદારી વેચવાની તૈયારીમાં

# ડિસઇન્વેસ્ટમેન્ટના માધ્યમથી ૧.૭૫ લાખ કરોડની કમાણી કરવાનો સરકારનો લક્ષ્ય

*ન્યુ દિલ્હી,તા.૧*

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ રજૂ કરતા વર્ષ ૨૦૨૧-૨૨માં ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા પોણા બે લાખ કરોડ (૧.૭૫ લાખ કરોડ) રૂપિયા એકઠા કરવાનું લક્ષ્ય રાખ્યું છે. હાલ નાણાં-વર્ષમાં સરકાર રોકાણના લક્ષ્યથી ઘણી દૂર છે. જ્યારે આ નાણા વર્ષના હવે માત્ર બે મહિના બચ્યા છે. એવામાં સંભાવના ઓછી છે કે સરકારને ડિસઇન્વેસ્ટમેન્ટના મોર્ચા પર આ વર્ષે કોઇ મોટી સફળતા મળી જાય.

બજેટની જાહેરાતની સાથે જ સરકારે નવા નાણાં વર્ષમાં પોણા બે લાખ કરોડ રૂપિયા ડિસઇન્વેસ્ટમેન્ટથી એકઠા કરવાનું લક્ષ્ય રાખ્યું છે જે ગત નાણાં વર્ષની તુલનામાં આશરે ૩૫ હજાર કરોડ રૂપિયા ઓછા છે આગામી નાણાં વર્ષમાં BPCL, એર ઇન્ડિયા, કોનકોર અને SCIના ડિસઇન્વેસ્ટમેન્ટ પર મોહર લાગી શકે છે.

નાણાં મંત્રીએ જણાવ્યું કે LICના આઇપીઓ આગામી નાણાં વર્ષમાં લાવવાનો પ્લાન છે તે સિવાય શેર બજારમાં તેજીને જોતા કેન્દ્ર સરકાર કેટલાક CPSEમાં ભાગીદારીની ઓફર્સ ફોર સેલ (OFS) દ્વારા વેચી શકે છે. જ્યારે અન્ય પ્રાઇવેટાઇજેશન ડીલ્સ પણ નાણા વર્ષ ૨૦૨૨ સુધી પુરી થવાનું અનુમાન છે.

ખરેખર, કોરોના સંકટના કારણથી ડિસઇન્વેસ્ટમેન્ટની રાહમાં ઘણા પડકારો આવી ગયા છે. સરકારે ગત બજેટમાં નાણા વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૨.૧ લાખ કરોડ રૂપિયા ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા એકઠા કરવાની જાહેરાત કરી હતી. પરંતુ અત્યાર સુધીના ડિસઇન્વેસ્ટમેન્ટા આંકડા પર ધ્યાન આપીએ તો ચાલુ નાણા વર્ષમાં ડિસઇન્વેસ્ટમેન્ટના આંકડા આશરે ૩૦-૪૦ હજાર કરોડ રૂપિયા સુધી જ પહોંચી શકે છે. જે ગત ૫ વર્ષમાં સૌથી ઓછા હશે. હાલના નાણાં વર્ષમાં સરકારે જે લક્ષ્ય રાખ્યું હતું તેને મેળવવું ખૂબ મુશ્કેલ છે. હાલના નાણાં-વર્ષમાં વધારેમાં વધારે ૨૦ ટકા સુધી જ ડિસઇન્વેસ્ટમેન્ટનું લક્ષ્ય હાંસલ થઇ શકે છે. કારણકે ઘણી કંપનીઓમાં તેમની ભાગીદારી વેચવા માટે સરકાર નિર્ણય લઇ ચુકી છે. હાલના નાણાં વર્ષમાં અત્યાર સુધી ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા સરકારને માત્ર ૧૭૯૫૮ કરોડ રૂપિયા હાંસલ થયા છે જે ડિસઇન્વેસ્ટમેન્ટના લક્ષ્યને આશરે ૮.૫ ટકા છે તે સિવાય સરકારને વિદેશ સંચાર નિગમ લિમિટેડમાં પોતાના બાકી બચેલા ૨૬.૧૨ ટકાની ભાગીદારી ટાટા કમ્યુનિકેશંસને વેચી દીધા થઇછે. જેનાથી સરકારને આ નાણાં વર્ષમાં ૮૦૦૦ કરોડ રૂપિયા મળી જશે.

# બોધ કથા

ડિસ્કવરી ચેનલ તો જોતા જ હશો...જોઈ જ હશે....હું પણ જોઉં છું......એમા હરણ...અને નિલ ગાય આખો દિવસ ઘાસ ખાવામાં કાઢે જેથી ઘાસ ને પ્રોટીન માં બદલવામાં જ લાગેલા હોય. .... ...

બીજી બાજુ માંસાહારી પ્રાણી આરામ થી આખો દિવસ પડ્યા રહે. કેમ કે એમને ખબર છે કે આમારા માટે પ્રોટીન ની સગવડ કરવા હરણ લાગેલા જ છે.....જ્યાં સુધી હરણ જીવતા છે ત્યાં સુધી જંગલ માં ખુંખાર પ્રાણીઓ મસ્ત મોજમાં રહે છે...અને સુવે છે.......પણ જ્યારે હરણ ઓછા થઈ જાય એટલે આ ખુંખાર જાનવર બીજા જંગલ ની શોધ માં નીકળી પડે છે...

ઠીક આવી જ રીતે હિન્દૂ હરણો એ બહુ જ મહેનત કરી રાતદિવસ મજૂરી કરી....સોનુ ચાંદી.. હીરા..જ્ઞાન ભેગું કર્યું.....

પરિણામ સુ આવ્યું????

એક ખૂંખાર નસલ બધું સાફ કરી ગઈ....અફઘાનિસ્તાન લીધું...ઈરાન લીધું....પાકિસ્તાન લીધું...બાંગ્લાદેશ લીધું....કાશ્મીર લીધું....કેરળ ..બંગાળ....આસામ પણ લેવાના મૂડ માં છે....એ નસલ એ ફક્ત શિકારી ના ગુણ જ વિકસિત કર્યા...

હવે પાકિસ્તાન બાંગ્લાદેશ માં ખાવાપીવા નો ભૂખમરો આવ્યો છે....કેમ કે ત્યાં હિન્દૂ..પંજાબી...હિન્દૂ સિંધી...અને એમના જ પોતાના એહમદિયા જેવા હિરણ ઓછા થઈ ગયા છે....જેના લીધે દેશ ની ઇકોનોમી ચાલી રહી હતી.....બસ એમનું કામ શરીયત લાગુ કરવી...અને એના લીધે ધીરે ધીરે પાકિસ્તાન અને બાંગ્લાદેશ માં હરણ ખતમ થઈ ગયા...અને ખૂંખાર ભક્ષી જાનવર વધી રહ્યા છે...

એમની નજર હવે નવા જંગલ પર છે....એ છે ઈંભારત

એને જ એ લોકો "ગજવા એ હિન્દ " કહે છે...ધર્મની પુસ્તક માં વર્ષો પહેલા આનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે...

આ યુદ્ધ માં સેના કઈ નહિ કરી શકે કેમ કે હવે યુદ્ધ અંદર થી શરૂ થશે...પછી બહાર થી... તમે આ યુદ્ધ માં છો પણ ખબર જ નથી...વિશ્વાસ ન હોય તો...કાશ્મીર... આસામ....કેરળ...ઉપ... વગેરે આમના બહુમત વાળા વિસ્તાર માં ચક્કર મારો તો ખબર પડશે..કે અહીંથી હરણો એ પોતાના ઘર અને સંપત્તિ વેચી બીજે વસવાટ કરી લીધો છે...હવે અહીંના હરણ ક્યાં જવું એ વિચારી રહ્યા છે??

થોડું લોહી જોઈ ને ઉલટી કરી દેવાવાળી કોમ....લોહી ની ધાર જોઈ બેહોશ થઈ જવા વાળી કોમ......(30%જનતા ની વાત)

કેટલાક તો એમ પણ કહે છે કે અમે લસણ નહિ ખાઈએ...ડુંગળી નહિ ખાઈએ...કેટલાક તો એટલા માસૂમ છે કે મો પર કપડું બાંધી લે છે.કે કોઈ જીવજંતુ ન મરી જાય... .તો આવી કોમ હિંસક ભેડિયા સામે કેટલું ટકી શકશે??

આ જેટલા ધર્મના મઠાધીશ બની ગયા એમને મળો અને પૂછો કે દેશ પર કયો ખતરો છે??

એના વિશે જાણકારી છે??

પરિણામ સુ હશે??

એનો ઉપાય છે.....તમારી પાસે..વાત વાતમાં સરકાર ને ધર્મ પર બાનમાં લેવા વાળા આ તથાકથિત સંતો એ ક્યારેય કીધું કે ચાલો હું તમને એમનાથી લડવાનું શીખવાડુ... શસ્ત્ર ચલાવવા અને સંઘઠીત થવાનું શીખવાળું

( ડાંગ જિલ્લો આની ચપેટ માં છે)

માતૃભૂમિ અને ધર્મ માટે બલિદાન આપવાની કળા શીખવું??

ના આલોકો તો આશ્રમો ની ભવ્યતા અને શિષ્યો ની ભીડ દેખાડવામાં વ્યસ્ત છે.....પ્રેમ અને વિરહ નું પ્રવચન કરશે..લોકો ને રાધે રાધે કહી પ્રેમ માં ગળાડૂબ રાખશે...છેલ્લે કૃષ્ણ નું વાક્ય કહી દેશે કે મોક્ષ જ પરમ પ્રાપ્તિ છે ..

પણ એ નહિ જણાવે કે કૃષ્ણ એજ કીધું છે કે મોક્ષ મેળવવા માટે યુદ્ધ પણ લડવું પડે અને જીતવું પડે...

પણ બધાને અહિંસક બનવાનું જ્ઞાન આપશે...કોઈ ને મારો નહિ..ચિંતા ન કરો....પોતાની રક્ષા માટે પણ ન લડો...કલ્કિ અવતાર આવશે અને તમને બચાવશે...

શાંતિ પણ ત્યારે જ સંભવ છે જ્યારે તમે સજ્જ હોવ... પણ જ્યારે લડવાનું થોપી દેવામાં આવે તો બધા માનવીય ગુણ દાટી દેવા જોઈએ અને દાનવ બનવું જોઈએ.....

વંદે માતરમ

# રક્ષા ક્ષેત્રના બજેટમાં સરકારે સામાન્ય વધારો કર્યો: ૪.૭૮ લાખ કરોડે પહોંચ્યું

*ન્યુ દિલ્હી,તા.૧*

સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રક્ષા ક્ષેત્રમાં સામાન્ય વધારો કરતા કુલ ૪ લાખ ૭૮ હજાર ૧૯૫.૬૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે જ્યારે ગયા વર્ષે આ રૂપિયા ચાર લાખ ૭૧ હજાર ૩૭૮ કરોડ રૂપિયા હતા.

નાણા મંત્રી નિર્મલા સીતારામને સોમવારે સંસદમાં બજેટ રજૂ કરતા કહ્યુ કે રક્ષા ક્ષેત્ર માટે કુલ ૪ લાખ ૭૮ હજાર ૯૫.૬૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેમાંથી ૩ લાખ ૩૭ હજાર ૯૬૧.૪૯ કરોડ રૂપિયા મહેસૂલ માટે તથા એક લાખ ૪૦ હજાર ૨૩૪.૧૩ કરોડ રૂપિયા મૂડી ખર્ચ માટે ફાળવવામાં આવ્યા છે.

તેમણે કહ્યુ કે રક્ષા બજેટનુ એક લાખ ૧૫ હજાર ૮૫૦ કરોડ રૂપિયાનો ભાગ પેન્શન માટે હશે. કુલ બજેટમાં લગભગ ૭ હજાર કરોડ રૂપિયાની સામાન્ય વધારો કરવામાં આવ્યો છે. જો પેન્શન માટે ફાળવાતી રકમને હટાવવામાં આવે તો રક્ષા ક્ષેત્ર માટે બજેટ માત્ર ત્રણ લાખ ૬૩ હજાર કરોડ રૂપિયાની આસપાસ બચે છે.

દર વર્ષે વધી રહેલુ ડિફેન્સ બજેટ

| વર્ષ | રક્ષા બજેટ |
|---|---|
| ૨૦૧૪ | ૨.૨૯ લાખ કરોડ |
| ૨૦૧૫ | ૨.૪૭ લાખ કરોડ |
| ૨૦૧૬ | ૩.૪૧ લાખ કરોડ |
| ૨૦૧૭ | ૩.૬ લાખ કરોડ |
| ૨૦૧૮ | ૪.૦૪ લાખ કરોડ |
| ૨૦૧૯ | ૪.૩૧ લાખ કરોડ |
| ૨૦૨૦ | ૪.૭૧ લાખ કરોડ |
| ૨૦૨૧ | ૪.૭૮ લાખ કરોડ |

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય (સોગઠું,ચોપાટ,ખેલ) પૈકી છ પદ્ય રચનાઓ આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

---

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling : 9824653073
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા

---

NOG : 006
વિષય : ખેલ, ચોપાટ, સોગઠું
શિર્ષક : જિંદગી એક ખેલ
ગઝલ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

જો તું માને ખેલ તો બસ ખેલ છે આ જિંદગી, નાચવા તૈયાર હો તો ઢેલ છે આ જિંદગી.
સત્યથી ચાલો સદા તો ફૂલ સમ મ્હેકી જશે કર્મ સાચા હોય ના તો મેલ છે આ જિંદગી
આમ તો આઝાદ થઇ ને તું ભલે ઘૂમ્યા કરે, કૈંક બંધન બાંધતી જો જેલ છે આ જિંદગી.
જો તમે ચાલ્યા કરો તો એ સદા ચાલ્યા કરે, રાત - દી વધતી રહે એ વ્હેલ છે આ જિંદગી.
હોય આળસ તો વળી ખંડેર થઇ ઊભી રહે મહેનતોની ઈંટ હો તો મહેલ છે આ જિંદગી.

દિવ્યા એમ.પુરોહિત,"બંસરી"

---

NOG SS NO: 0051
વિભાગ: પદ્ય
શબ્દ: ચોપાટ,ખેલ
શીર્ષક : "કુદરતની ચોપાટ "

કુદરતની ચોપાટ ,જીવનરૂપી પડકાર રે...
પાસા પલટે,સમય કેરો સાથી રે....
ખેલ જગત ખેલે,ન્યાય કુદરત આપે રે...
તિમિર સામે,અજવાળાં કેરો પડકાર રે...
માનવીની ભવાઈ, કુદરતની ચાલ રે....
કુદરત માનવીને,કર્મોની સજા આપે રે...
સુખનો આધાર આપી,દુઃખનાં પહાડો બાંધે રે........
માનવીના આરામને,પલમાં વેરી બનાવે રે......
કુદરતની શતરંજ, ખુલ્લું આકાશ રે....

ઉર્વશી મહેતા અમદાવાદ.

---

NOG SS NO. - 0036
વિભાગ - પદ્ય (કાવ્ય)
શબ્દ -ચોપાટ, ખેલ
શીર્ષક- "ખેલું હું ચોપાટ"

ખેલું હું ચોપાટ
ખેલું હું રોજરોજ ચોપાટ ;
ચોપાટની છે ચાર-ચાર પાટ.
રમતની ગમત છે ભારે ;
વચમાં બિરાજે હરિ વિરાટ.
લાલ-લીલાં,પીળાં-કાળા સોગઠા,
રંગ-રંગની ખાઈએ લપાટ.
ચોર્યાસી ખાના ભવનાં ફેરા;
ચારેકોર પથરાય છે અફાટ.
કોડી કમાલે મચાવે ધમાલ;
વાહ રે, પ્રભુ જે લખે લલાટ.
જીતું યે હું ને હારું યે હું ;
મારાં જનમ-જનમને ઘાટ.
જિંદગી બાજી છે હાર-જીતની ;
વ્યોમની ચોપાટે સુંદર વણાટ.

અરુણાબેન ત્રિવેદી,અમદાવાદ

---

NOG SS NO : 40
પ્રકાર : પદ્ય
શબ્દ : ચોપાટ
શીર્ષક : હસીને હારીએ, જીતીને મ્હાલીએ

રાતાં, પીળાં લીલાં ને કાળાં,
સોગઠાં જુઓ કેવાં રૂપાળાં!
ચોપાટ ઊપર ચઢવાં ખાતર,
થનગની રહ્યાં નખરાળાં,
પાસાં પડે તો ચઢાય ચોપાટે,
પઘડું પડે તો ફરાય પટમાં,
મરે ને મારે એકમેકનાં,
ચોપાટ જાણે ફેરવાઈ જંગમાં!
તોડ પછી જ સોગઠી બિરાજે ધામે,
ભોગવી કર્મ જ જવાય સ્વધામે,
ગાંડું એમાં પાછુ ઊંધુ ચાલે!
વગર વાંકે સૌને ઉડાડે!
ગાંડા ને કાંઈ હોય કોઈ ગામ?
તોડ કરો તો જ સિધાવે સ્વધામ!
કર કરે જો કર્મ સારાં,
પાસાં સઘળાં સવળાં તમારાં,
ખોટાં કર્મને પાસા અવળા,
સોગઠી મરે પળભરમાં!
ચોપાટનેય મૂળ ચોર્યાસી ખાના,
ને ફૂલડાં બાર ભૌતિક સુખનાં ખજાના!
સંસાર સઘળો રમી રહ્યો ચોપાટે!
બાજી તો ખરી હરિનાં હાથે,
હસીને હારીએ, જીતીને મહાલીએ,
છીએ સૌ નિમિત્ત માત્ર એ જાણીએ.

વૈશાલી મહેતા.

---

NOG SS No : 0075
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શબ્દ : ચોપાટ
શીર્ષક : ખેલ

ખેલ
પંચ તત્વનું મળ્યું છે પિંજર
ચૈતન્ય પંખી ચહેકતું,
મન માકડું બની મદારી તને
નિત નવાં ખેલ શીખવતું.
માંડે ચોપાટ તું હોંશે હોંશે,
રમવા નિશદિન રમત્યું(બાજી)
મુસ્તાક છે આ મરકટ મન,
નિત પાસા અવળા ફેંકતું.
સ્વાર્થ, પ્રપંચ,કપટની ચાલો
હિસાબ માંડી ચાલે,
કરશો તેવું ભરશો,
તેવી કર્મની નીતિ ના માને.
હોય હાર પણ, અંગ રમતનું
મૂળભૂત નિયમ ના સમજ્યું,
મન બાવરું તુજ પાસાં ફેંકે
જીતની ચડસે ચડતું.
વીતે આયખું આખું આમ જ
ખેલ, ચોપાટની સંગે,
હાર્યો જુગારી બમણું રમતો
જીત તણી એક આશે.
જીવન સંધ્યા ટાણે જ્યારે
વિદાય વેળા સમીપ,
પિંજર તડપે, વ્યર્થ ગુમાવ્યું
અદભુત ચૈતન્ય સંગીત!

કૌમુદી સોની,સુરત..

---

NGO SS No.:-0032
વિષય:- ખેલ
વિભાગ:- પદ્ય
શીર્ષક:- ખેલ( પિકનીક)બાળગીત

તનમાં મસ્તી,
મનમાં ઉમંગ .
ટીનું મીનું ચાલો બધા એક સંગ.
આજે ઊડાવીશું લાલ લીલો પીળો પતંગ.
રમતનો ખેલ એ જાણે
દોરીનો લચ્છો અને દોરીનું પીલ્લું.
પતંગના પેચ અમે માણશું.
ઢીલ છોડીને લંગશ લડાવશું.
કાપ્યો કાપ્યો અમે કહીશું .
રમતનો ખેલ એ જાણે.
ચીકુ બીટુ વોલીબોલ રમતાં,
એની મજા એ માણે...
હસું રડું પછડાઉં અથડાઉં ,
રમતનો ખેલ એ જાણે
મીઠું તનુંતો બનાવે નદીની
રેતીમાં સપના નો મહેલ...
પાવડો,બાલ્દી લઈ એક અનોખી મજા.
આનંદમાં આવી લીધી,
લિજ્જતદાર કોલ્ડ્રીંકની મજા
સજાવી છે,આરામ ખુરશીઓ
બેસવાને કાજ....
રમતનો ખેલ એ જાણે.
દરિયાઈ બીચ પર તરવાની મજા,
સરફીંગ બોર્ડ પર સવાર થઈ નીકળ્યો
હિંમતથી છોટુ.
ડરપોક પિંકી રબ્બર રીંગમાં ફસાણી.
કિનારે ઊભી નાનકી છબછબિયાં કરે.
રમતનો ખેલ એ જાણે
દરિયાની પેલેપાર રૂ જેવા વાદળાનાં પોલ.
જોઈ જોઇ સૌ બાળક હરખાય...
રમતનો ખેલ એ જાણે.

મીના માંગરોલીયા મીનુ.,અમદાવાદ.

## મોદી સરકારના બજેટ પર રાહુલ ગાંધીના પ્રહાર
# ઉદ્યોગપતિ મિત્રોને દેશની સંપત્તિ હેન્ડઓવર કરાઈ રહી છે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,તા.૧

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય બજેટ ૨૦૨૧ પર નિરાશા વ્યક્ત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યુ છે કે, આ બજેટમાં ગરીબો માટે કંઈ નથી. તેમણે કહ્યું કે, ગરીબોના હાથમાં રોકડની વાત તો ભૂલી જ જાઓ. નરેન્દ્ર મોદી સરકાર પોતાના મૂડીપતિ દોસ્તોના હાથમાં દેશની સંપત્તિ સોંપવાની યોજના બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી અનેકવાર સરકારને ગરીબોના હાથમાં સીધી રોકડ ટ્રાન્સપરની માંગ કરતા આવ્યા છે. કોરોના મહામારીના સમયે પણ રાહુલ ગાંધીએ આ માંગ કરી હતી.

રાહુલ ગાંધીનો તર્ક છે કે જો ગરીબોના હાથમાં પૈસા આવશે તો ખર્ચ કરી શકશે અને જો ખર્ચ કરશે તો ઈકોનોમીને ગતિ મળશે. આ વખતે બજેટમાં સરકારે એવી કોઈ યોજનાની જાહેરાત નથી કરી. આ બજેટમાં કેન્દ્ર સરકારે અનેક જીં, વીમા, રેલવે સેક્ટર, બેંક ડિસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય કર્યો છે. સરકારને આશા છે કે આનાથી સરકારને રૂપિયા મળશે, જેનો ઉપયોગ સરકારી યોજનાઓમાં કરવામાં આવશે. રાહુલ ગાંધીએ બજેટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ગરીબોના હાથમાં રોકડ આપવાની વાત તો ભૂલી જ જાઓ, મોદી સરકાર ભારતની સંપત્તિને પોતાના મૂડીપતિ દોસ્તોને હેન્ડઑવર કરવાની તૈયારી કરી રહી છે.બજેટ રજૂ થયા પહેલા રાહુલ ગાંધીએ કહ્યું હતુ કે, આ બજેટમાં સરકારે ખેડૂતો, મજૂરોને રોજગાર આપવાની જોગવાઈ કરવી જોઈએ. મધ્યમ ઉદ્યોગોને મદદ મળવી જોઈએ જેથી નવી નોકરીઓ પેદા થઈ શકે છે. લોકોના જીવ બચી શકે તે માટે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં ખર્ચા વધારવા જોઈએ. આ ઉપરાંત સરકારે સંરક્ષણ ક્ષેત્રે ખર્ચ વધારવો જોઈએ. બીજી તરફ બજેટને લઈને પીએમ મોદીએ કહ્યું છે કે, આ બજેટ નવા ભારતના આત્મવિશ્વાસને ઉજાગર કરનારું છે. બજેટ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બદલાવ લાવશે, સાથે જ યુવાનોને અનેક તકો આપવાનું કામ કરશે.

# બજેટઃ રેલ્વે બાદ હવે પોર્ટનું પણ ખાનગીકરણ

*ન્યુ દિલ્હી,તા.૧*

સાંસદમાં ચાલી રહેલા બજેટમાં નાણામંત્રી નિર્મલા સિતારામને ભારતીય બંદરોના ખાનગીકરણની બજેટમાં રજૂઆત કરી છે. નાણા મંત્રીએ બજેટ સ્પીચમાં જણાવ્યું છે કે, હવે રેલવે અને એરપોર્ટ બાદ પોર્ટનું પણ ખાનગીકરણ થશે.

મુખ્ય ભારતીય બંદરો ઓપરેશનલ સેવાઓથી ખાનગી ભાગીદારોને આમંત્રણ આપવા, પીપીપી (સાર્વજનિક-ખાનગી-ભાગીદારી) આધારે આગળ વધશે.

ઉલ્લેખનીય છે કે, પ્રાઈવેટ હાથોમાં જતા સેક્ટરોની સ્થિતિ આપણે જોઈ શકીએ છીએ. મોટાભાગના એરપોર્ટની ઓથોરિટી અદાણીને મળી ગઈ છે અને ગેસ પાઈપલાઈન તથા ડીસ્ટ્રીબ્યુશનની જવાબદારી પણ તેને મળેલી છે ત્યારે હવે આગામી સમયમાં પોર્ટ પણ ખાનગી ખેલાડીઓ દ્વારા ચલાવાશે.

## આશરે ૧.૩ લાખ કરોડ રુપિયાની ડીલ થશે
# ઈન્ડિયન એરફોર્સ ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર જેટ ખરીદવાની તૈયારીમાં

ન્યુ દિલ્હી,તા.૧

ભારતીય વાયુસેના વારંવાર પોતાની તાકાત વધારવામાં જ લાગી છે. રાફેલ અને તેજસ પછી વાયુસેના ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર વિમાનની ખરીદી કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ડીલનો ખર્ચ ૧.૩ લાખ કરોડ રુપિયા થવાનું અનુમાન છે.

તાજેતરમાં જ મોદી સરકારે તેજસ ફાઈટર વિમાનની ખરીદી કરવાની અનુમતિ આપી હતી. હવે વાયુસેના ૧૧૪ અને ફાઈટર વિમાનોની ખરીદીની યોજના બની રહી છે. આગામી એર ઈન્ડિયા શોમાં ૮૩ તેજસ ફાઈટર વિમાનની પણ ડીલ થવાની આશા છે. તેજસ એક લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ એટલે કે એક હળવું વિમાન છે. ૮૩ તેજસ માર્ક ૧એ વિમાનોની ખરીદી માટે કેન્દ્ર સરકારે ૫૦૦૦૦ કરોડની ડીલને મંજૂર કરી છે. સૂત્રો અનુસાર તેજસ વિમાન ધીરે ધીરે હટાવવામાં આવતા મિગ-૨૧ની સ્ક્વોડ્રન ૪ની જગ્યા લેશે.


જે પછી ભારતીય વાયુસેના હવે ૧૧૪ અન્ય ફાઈટર વિમાનોની ખરીદી કરવાની તૈયારી કરી રહ્યું છે. ૧.૩ લાખ કરોડની આ ખરીદી માટે વાયુસેનાએ રિક્વેસ્ટ ફોર ઈન્ફર્મેશન પહેલા જ જાહેર કરી છે. દુનિયાભરના અનેક કંપનીઓએ આ સોદામાં રસ દાખવ્યો છે. અમેરિકા, રશિયા, ફ્રાંસ, સ્વીડન જેવા દેશોની દિગ્ગજ કંપનીઓએ આરએફઆઈ જાહેર થયા પછી ડીલને લઈને ઉત્સુકતા દાખવી છે.

અમેરિકન કંપની તરફથી એફ-૧૫ સ્ટ્રાઈક ઈગલ, એફ-૧૮ સુપર હોર્નેટ અને એફ-૧૬નું એક વેરિયન્ટ એફ-૨૧ ઓફર કરવામાં આવી રહ્યું છે. રશિયાની કંપની મિગ-૨૧ અને સુખોઈની ડીલને લઈને વાતચીત ચાલુ છે. સ્વીડનની સાબ ગ્રિપેન ફાઈટર એરક્રાફ્ટને લઈને વાત ચાલી રહી છે.

નોંધનીય છે કે તાજેતરમાં જ વાયુસેના પ્રમુખ આરકેએસ ભદૌરિયા રફાલને ૧૧૪ વિમાનના આ નવા સોદા માટે પ્રબળ દાવેદાર છે. નોંધનીય છે કે ભારત અને ફ્રાંસ વચ્ચે ૩૬ રફાલ ફાઈટર વિમાનોની ડીલને લઈને પહેલા જ સમજૂતી થઈ ચૂકી છે. અનેક રફાલ વિમાન ભારતીય વાયુસેનામાં સામેલ થઈ ચૂક્યા છે.

નોંધનીય છે કે વાયુસેના આ ડીલ માટે સંરક્ષણ મંત્રાલય તરફથી ટૂંક સમયમાં જ એક્સેપ્ટન્સ ઓફ નેસેસિટી લેવાના પ્રસ્તાવની તૈયારી કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર ફાઈટર જેટને લઈને થતી સમજૂતીમાં મેડ ઈન ઈન્ડિયા અને ટેક્નોલોજી ટ્રાન્સફરની શરત પણ રહેશે.

# તારી આંખનો અફીણીના લેખક વેણીભાઈ પુરોહિતનો જન્મદિવસ




મારી ગુજરાતી સુગમ સંગીતની સફરનો આરંભ ત્યારથી થયેલો જયારે મેં પહેલ વહેલી વાર કોઈ ગુજરાતી ગીત સાંભળેલું અને એ હતું કવિવર શ્રી તુષાર શુક્લ રચિત અને શ્રી શ્યામલ-સૌમિલનાં મોહક કંઠે ગવાયેલ ગીત ×દરિયાનાં મોજાં કંઈ રેતી ને પૂછે તને ભીંજાવું ગમશે કે કેમ, એમ પૂછીને થાય નહિ પ્રેમ....×. સૌ પ્રથમ વાર આ ગીત સાંભળેલું અને એ પછી જાણે નશો ચઢ્યો ગુજરાતી સુગમ સંગીતનો અને બસ એ પછી હું સાંભળતી ગઈ. એ હતી મારી ગુજરાતી સુગમ સંગીતના સફરની શરૂઆત. એ હતો લાઈફનો પહેલો તબક્કો જેણે મને ગુજરાતી સુગમ સંગીતનાં પ્રેમમાં પાડી. એ પછી એક બીજો મહત્વનો તબક્કો આવ્યો જયારે હું ગીત ગાવા તરફ આકર્ષાઈ. જયારે મેં શ્રી દિલીપભાઈ ધોળકિયા, મનહર ઉધાસ કે આસિત દેસાઈનાં કંઠે અગણિત વાર ગવાયેલું આ અમર ગીત ×તારી આંખનો અફીણી× સાંભળેલું જે શ્રી વેણીભાઈ પુરોહિતની કલમથી રચાયેલું ત્યારે તો ખુબ નાની હતી પણ આ ગીત પહેલી વાર સાંભળીને જ આ ગીતનાં બોલ હૈયે વસી ગયેલાં અને આ ગીતનાં લીધે જ હું ગાવા તરફ આકર્ષાઈ. મેં મારી લાઈફમાં પહેલી વાર કોઈ ગીત ગાયું હોય તો એ ×તારી આંખનો અફીણી× હતું. એ પછી તો શાળા-કોલેજોનાં દિવસો દરમ્યાન ઘણી વાર ગાતી, સ્પર્ધાઓમાં ભાગ લેતી ને ઇનામો પણ જીતી લાવતી. જોકે ઘણીવાર ભણવાની તેજસ્વીતા તમારા શોખમાં આડખીલીરૂપ બનતી હોય છે એટલે ગાયિકી છેલ્લા ઘણાં વર્ષોથી છૂટી ગઈ પણ આજે શ્રી વેણીભાઈ પુરોહિતનાં જન્મદિવસ પર એમનાં આ અજરામર ગીતનું સમરણ થઈ આવ્યું.

આજે પણ આ ગીત વગર કોઈ પણ મહેફિલ કે ગુજરાતી ગીતોનો જલસો ઝાંખો જ લાગે. આજે સિત્તેર વર્ષ બાદ પણ આ ગીતની એટલી જ ડિમાન્ડ છે. આજે પણ વન્સ મોર, સીટીઓ અને ચિચિયારીઓ આ ગીત પર આવે જ આવે. લગભગ બે-એક દાયકા પહેલા ક્યાંક કશેક કોઈ ફંક્શનમાં બધા મિત્રો ભેગા થતાં ત્યારે આ ગીત હંમેશા male કંઠે ગવાતું આવ્યું હોવાથી female કંઠમાં સાંભળવાનો ખાસ આગ્રહ રાખતાં અને એક વાર તો મારી પાસે આ ગીત ચોક્કસ ગવડાવતાં.

આજે શ્રી વેણીભાઈ પુરોહિતનાં જન્મદિવસ પર ખાસ મિત્રોના આગ્રહથી એક નાની અમથી પંક્તિ સુરાંજલી રૂપે એમના ચરણોમાં સાદર વંદન સહ અર્પણ કરું છું આશા છે આપ સહુને ગમશે..!!

(હું હંમેશા કહું છું કે ગાયિકીનો અભ્યાસ વર્ષોથી છૂટી ગયો હોવાથી કોઈ પણ ક્ષતિ બદલ ક્ષમાપ્રાર્થી ??. મેં જે અંશ રજુ કર્યો છે એ આપણા ઉચ્ચકોટિનાં સ્વરકારોની પગની ટચલી આંગણીનાં નખ બરાબર પણ નથી. આ માત્ર એક વિનમ્ર પ્રયાસ છે કવિ શ્રી વેણીભાઈ પુરોહિતનાં જન્મદિવસ પર નાનકડી સુરાંજલી અર્પણ કરવાનો)

વૈભવી જોશી..ઓસ્ટ્રેલિયા

# ઈકો સેન્સેટિવ ઝોનના મુદ્દે ચૂંટણી ટાણે ભાજપા બીટીપી ફરી એકવાર આમને સામને



રાજપીપળાતા ૧

નર્મદા મા ઈકો સેંસિટિવ ઝોન રદ કરવા મામલે ભાજપા કોંગ્રેસ અને બીટીપી મા ભારે રાજકીય ધમાસાણથયું હતું. ત્યાં સુધી કે સાંસદ મનસુખભાઈ વસાવાને રાજીનામું આપવા સુધી ફરજ પડી હતી હવે સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓ આવી ત્યારે નર્મદા જિલ્લા મા આદિવાસી વોટ બેંક ગણાતા જિલ્લા મા આદિવાસીઓ માટે મહત્વ નો ગણાતો આ ઈકો સેંસિટિવ ઝોનનો મુદ્દો ફરી એકવાર ચૂંટણી ટાણે ચમક્યો છે.ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૧૨૧ ગામોને ઈકો સેન્સેટિવ ઝોનમાં સમાવ્યા બાદ ખેડૂતોના કટિયામાં ઈકો સેન્સેટિવ ઝોનના નામની કાચી એન્ટ્રી પાડવામાં આવતા વિવાદ થયો હતો.જો કે મનસુખ વસાવા અને કોંગ્રેસ BTP ના વિરોધ બાદ સરકારે એન્ટ્રી કાયમી ધોરણે રદ કરતા વિવાદ થમ્યો હતો.

ત્યારે BTP હાલમાં ઈકો સેન્સેટિવ ઝોન મુદ્દે આંદોલન ચલાવી રહ્યુ છે.BTP નું કેહવું છે કે ચૂંટણીને લીધે ભાજપે ઈકો સેન્સેટિવ ઝોનના નામની કાચી એન્ટ્રી હાલ પૂરતી સ્થગિત કરી છે .ચૂંટણી પત્યા બાદ સરકાર એન્ટ્રીઓ પડવાનું ફરી ચાલુ કરશે.

BTP ના આ નિવેદનને ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જુઠાણું દર્શાવ્યું છે અને કહ્યુ છે કે BTP લોકોને ભરમાવી રહી છે ગેરમાર્ગે દોરી રહી છે.

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જવાબ આપતા જણાવ્યુ છે કે ૧૨૧ ગામોને ઈકો સેન્સેટિવ ઝોનમાં સમાવતા આદિવાસીઓનો આક્રોશ કેવો છે એ બાબતે મેં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વન મંત્રી ગણપત વસાવા સાથે રૂબરૂ ચર્ચાઓ કરી હતી.

એ બાદ ચર્ચા વિચારણા બાદ ઈકો સેન્સેટિવ ઝોનની એન્ટ્રીઓ સરકારે કાયમ માટે રદ કરી છે, હવે બીજી એન્ટ્રીઓ પડવાની પણ નથી. BTP એને ચૂંટણી મુદ્દો બનાવી લોકોને ગેરમાર્ગે દોરી રહી છે, પોતાની પાર્ટીનો વ્યાપ વધારવા ખોટા આંદોલનો કરી રહી છે.અમે કેન્દ્રમાં એવી પણ રજુઆત કરવાના છે કે ઈકો સેન્સેટિવ ઝોન રદ કરો. હવે એ જોવું રહ્યું કે ઈકો સેન્સેટિવ ઝોનનો મુદ્દો કોને ફાયદો કરાવશે અને કોને નુકશાન કરાવશે એતો આવનારો સમય જ બતાવશે

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગુજરાતી ફિલ્મોના પ્રથમ Destination Award એવા Gujarat Tourism Film Excellence Awards Gujarati 2019-2020 ના નોમીનેશન જાહેર કરવામાં આવ્યા

## ગુજરાતી મનોરંજન જગત ના અનેક દિગ્ગજો ની વિશેષ ઉપસ્થિતિ માં નોમીનેશન નું એનાઉન્સમેન્ટ અમદાવાદ ના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે કરવામાં આવ્યું.

અમદાવાદ..

૨૦૨૦ નું લગભગ આખું વર્ષ અતીશય કષ્ટદાયક રહ્યું ત્યારે ૨૦૨૧ ની શરૂઆત માં જ હતાશ થઇ ગયેલા ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે અમદાવાદ ની જાણીતી ઈવેન્ટ મેનેજમેન્ટ અને એન્ટરટાઇનમેન્ટ કંપની તીહાઇ - ધ મ્યુઝીક પીપલ દ્વારા Gujarat Tourism Film Excellence Awards Gujarati ની જાહેરાત કરી, માસ્ટર સ્ટ્રોક મારવામાં આવ્યો છે. આ સમગ્ર ઈવેન્ટ ને ગુજરાત ટુરીઝમ, રણોત્સવ ટેન્ટ સીટી સહિત અનેક દિગ્ગજ પ્રાયોજકો નો ટેકો મળ્યો છે.

સમગ્ર પરીકલ્પના આ પ્રકારની ઈવેન્ટ ના માસ્ટર માઈન્ડ કહી શકાય તેવા અભિલાષ ઘોડા એ તૈયાર કરી છે. અભિલાષ ઘોડા ઈવેન્ટ ઉપરાંત ટેકનીકલ, સાંસ્કૃતિક બાબતો, મેનેજમેન્ટ સહિત મીડીયા સાથે પણ ઘનીષ્ઠ સંબંધો ધરાવે છે.

આ અંગે વધુ વિગતો આપતા તીહાઇ - ધ મ્યુઝીક પીપલ ના CEO અભિલાષ ઘોડા એ જણાવ્યું હતું કે જે રીતે ગુજરાતી ફિલ્મો એ હરણફાળ ભરી છે તે જ રીતે ગુજરાતી ફિલ્મો ને લગતી ઈવેન્ટ પણ હવે આગે કદમ માંડવા તૈયાર છે. વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ માં રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો ને આ એવોર્ડ માટે આમંત્રણ આપવામાં આવ્યું. કુલ ૨૭ સુંદર ફિલ્મોની એન્ટ્રી અમને આ સ્પર્ધા માટે મળી જેનો અમને આનંદ છે.

ગુજરાતી ફિલ્મોના આ પ્રકારના કાર્યક્રમો ને Next Leval પર લઇ જનાર આ ઈવેન્ટ બનશે જેમાં બેમત નથી.

સ્પર્ધામાં આવેલી ૨૭ ફિલ્મો નું બારીકાઈથી નિરીક્ષણ કરી તેમાંથી ૨૮ વિવિધ કેટેગરીના નોમીનેશન આજે જાહેર કરવામાં આવ્યા છે. નોમીનેશન તરફ નજર નાંખીએ તો માનસી અને પાર્થિવ ગોહિલ નિર્મીત અને વિરલ શાહ દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ ×ગોળ કેરી× સૌથી વધુ ૧૯ નોમીનેશન સાથે સૌથી આગળ છે. જ્યારે ટ્વિંકલ બાવા નિર્મીત અને વિજયગીરી બાવા દિગ્દર્શીત ગુજરાતી ફિલ્મ ×મોન્ટુ ની બીટ્ટુ× ૧૮ નોમીનેશન સાથે બીજા ક્રમે છે. આ ઉપરાંત ×લવ ની લવસ્ટોરી× અને ×ઓર્ડર ઓર્ડર આઉટ ઓફ ઓર્ડર× ૧૪ - ૧૪ નોમીનેશન્સ મેળવે છે. ×ગુજરાત ૧૧× અને ×યુવા સરકાર× ૧૦ - ૧૦ નોમીનેશન મેળવે છે. આ પછી ×અફરા તફરી× ૯ નોમીનેશન, ×સફળતા ૦ કિલોમીટર× ૮ નોમીનેશન, ×રઘુ સી.એન.જી.× અને ×૪૭ ધનસુખ ભવન× ૭ - ૭ નોમીનેશન, ×ચિલઝડપ× અને ×કુટુંબ× ૬ - ૬ નોમીનેશન, ×કાચિંડો× અને ×કેમ છો× ૪ - ૪ નોમીનેશન, ×હવે થશે બાપ રે બાપ×, ×બીજો દિવસ×, ×જીગરજાન× તથા ×ટીચર ઓફ ધ યર× ૩ - ૩ નોમીનેશન, ×જી×, ×બાબુભાઈ સેન્ટીમેન્ટલ×, ×બજાબા - ધ ડોટર× અને ×હવે ક્યારે મળીશું× ૨ - ૨ નોમીનેશન અને ×સાજન પ્રિતની જગમાં થશે જીત× ૧ નોમીનેશન સાથે આ સ્પર્ધામાં છે.

૨૦૧૯ ની ગુજરાતી ફિલ્મ ×હેલ્લારો× ને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયો છે. યોગાનુયોગ છે કે હેલ્લારો કચ્છની ધરતી પર શુટ થયેલી ફિલ્મ છે જેને આ સમારંભ માં વિશેષ સન્માન થી નવાજવામાં આવશે.

આગામી તારીખ ૨૮ ના રોજ યોજાનાર એવોર્ડ સમારંભ માં બોલીવુડ ના શ્રી ઈડીયટ ફેમ શર્મન જોશી, જય હો ફેમ ડેઝી શાહ, બીગ બોસ ફેમ રશ્મિ દેસાઈ, જાણીતી બોલીવુડ પરફોર્મર કરીશ્મા કર, ટીકુ તલસાણીયા, દર્શન જરીવાલા, મલ્હાર ઠાકર, પાર્થિવ ગોહિલ, માનસી પારેખ, આરોહી પટેલ, હીતુ કનોડિયા, મોના થીબા કનોડિયા, પ્રીનલ ઓબેરોય, આનંદી ત્રીપાઠી, ભુમી ત્રીવેદી, કીર્તિદાન ગઢવી, ઓસમાણ મીર, સીધ્ધાર્થ ભાવસાર, વ્યોમા નાન્દી, શ્રધ્ધા ડાંગર, આર્જવ ત્રીવેદી, નિસર્ગ ત્રિવેદી, નેત્રી ત્રીવેદી, ખુશી શાહ, સંજય ગોરડિયા, સુજાતા મહેતા, રૂપા દિવેટિયા, વંદના પાઠક, ધર્મેશ વ્યાસ, મૌલીક નાયક, ચેતન દૈયા, રાજેન્દ્ર બુટાલા, લતેશ શાહ, સંજય છેલ, મેહુલ બુચ, અલ્પના બુચ, નિલમ પંચાલ, ભાવિની જાની, મોરલી પટેલ, જાગૃતિ ઠાકોર, બંસી રાજપૂત, યોગીતા પટેલ, જયંત ગીલાતર, જીતેન પુરોહિત સહિત અનેક દિગ્ગજ કલાકારો ખાસ ઉપસ્થિત રહેશે.. આ ઈવેન્ટના મુખ્ય આકર્ષણ સમા પરફોર્મન્સ માટે ગુજરાતી મનોરંજન જગત ના અનેક જાણીતા ચહેરાઓ તડામાર તૈયારીઓ માં લાગી ગયા છે.

ફિલ્મની જ્યુરીમા ગુજરાતી ફિલ્મ ફ્રેટરનીટી ના દિગ્ગજો કહી શકાય તેવા શ્રી દિપક બાવસ્કર, શ્રી કાર્તિકેય ભટ્ટ, શ્રી નીશીથ મહેતા, અદીતી ઠાકોર, ડો. દર્શન ત્રીવેદી તથા શ્રી ચિકા ખરસાણીએ સેવા આપી.

સમગ્ર ઈવેન્ટ બ્રોડકાસ્ટ પાર્ટનર તરીકે કલર્સ ગુજરાતી તથા કલર્સ સીનેમા છે. રેડીયો પાર્ટનર તરીકે રેડ એફ.એમ. , ટેકનીકલ પાર્ટનર તરીકે વિડિયો ટાઈમ્સ તથા એલ.ઈ.ડી. સોલ્યુશન, મેગેઝિન પાર્ટનર તરીકે ફિલીગ્સ , હાઈ ટી પાર્ટનર તરીકે ટી પોસ્ટ નો નોંધનીય સપોર્ટ મળ્યો છે.

ગુજરાતી ફિલ્મોના ઈતિહાસ માં પ્રથમ વખત ખુબ જ મોટા પાયે કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં આવેલા ટેન્ટ સીટી માં આગામી તારીખ ૨૮ ફેબ્રુઆરીની સાંજે આ ઈવેન્ટ નું આયોજન અમદાવાદ ની અગ્રગણ્ય ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની તીહાઇ - ધ મ્યુઝીક પીપલ દ્વારા ખુબ ઝીણવટપૂર્વક થનાર છે. જે માટે અભિલાષ ઘોડા અને તેની કુશળ ટીમ આયોજનમાં વ્યસ્ત છે. સમગ્ર શોની ડીઝાઈન દિક્ષિત ઘોડા, કરન ઘોડા, વિવેક ઘોડા અને વૃજ ઘોડા તૈયાર કરી રહ્યા છે.

વધુ વિગતો માટે સંપર્ક : અભિલાષ ઘોડા : ૯૮૯૮૦૩૨૪૪૩

# રાજ્યમાં કોરોના ગાઈડ સાથે ધોરણ ૯ અને ૧૧ નું શિક્ષણ કાર્યનો થયો શુભારંભ

અમદાવાદ,તા.૧

રાજ્યમાં કોરોનાના કેસ નિયંત્રણમાં આવ્યા છે અને સાથે કોરોના રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. ત્યારે પહેલી ફેબ્રુઆરીથી શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯ અને ૧૧ ના શૈક્ષણિક વર્ગો પણ શરૂ થયા છે. ત્યારે હવે શાળામાં ધોરણ ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસ શરુ થયો છે. પરંતુ શાળામાં ચાર વર્ગોના વિદ્યાર્થીઓની ભીડને ધ્યાને રાખીને હાલ શાળાના સંચાલકોએ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે એમએફડબલ્યુ સિસ્ટમ લાગુ કરી છે.

જ્યારે ધોરણ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ટીટીએસ સિસ્ટમ અપનાવી છે. ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે પણ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. જેને લઈ હવે શાળામાં ૯થી ૧૨ના વર્ગો ચાલશે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લઈ શાળાઓએ કોવિડ ૧૯ને લગતી તમામ ગાઈડલાઈનનું પાલન કરવું પડશે. જેને લઈને શાળામાં વિદ્યાર્થીઓની ભીડ એકઠીના થાય તેને લઈ હાલ પૂરતા વિદ્યાર્થીઓ ને એમડબલ્યુ એફ એટલે કે મંડે, વેન્સ્ડે અને ફ્રાઈડે બોલાવવાનું નક્કી કર્યુ છે જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ટીટીએસ એટલે કે ટ્યૂઝડે, થર્સડે બોલાવવામાં આવશે. મેમનગરની દિવ્યપથ સ્કુલના સંચાલક સંજય પટેલે જણાવ્યું કે હવે, ધોરણ ૯થી ૧૨ની શાળા ચાલશે એટલે વિદ્યાર્થીઓની ભીડ ના થાય માટે આ પ્રકારની સિસ્ટમ અપનાવી છે. અત્યાર સુધી રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો ચાલતા હતા. આ સિસ્ટમ પ્રમાણે ૧૦ દિવસ જોઈશું. વિદ્યાર્થીઓ તકલીફ ન પડે તે રીતે આગળ નિર્ણય લેવાશે. હાલ ધોરણ ૯થી ૧૨ ના વિદ્યાર્થીઓને ઓફલાઈન ઉપરાંત ઓનલાઈન પણ ભણાવીએ છીએ.જે વાલી બાળકને શાળાએ મોકલવા તૈયાર નથી તેમના માટે ઓનલાઈન વિકલ્પ ખુલ્લો છે. શાળાઓ શરૂ થતાં જ વિદ્યાર્થીઓને સોશિયલ ડિસ્ટન્સ, હેન્ડ સેનિટાઇઝર અને માસ્ક બાબતે જાગૃત કરીએ છીએ.

# ભાજપમાં ૬૦ વર્ષથી ઉપરના વ્યક્તિઓને ટિકિટ નહીં અપાયઃ સી.આર.પાટીલ

ગાંધીનગર,તા.૧

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ ઉમેદવારોના માપદંડ નક્કી કરાયા છે. પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને સૌથી મોટું નિવેદન આપ્યું છે. ૬૦ વર્ષથી ઉપરના વ્યક્તિઓને ટિકિટ નહીં અપાય. તેમજ ત્રણ ટર્મથી ચૂંટાનાર સભ્યોને ટીકિટ નહીં અપાય. એટલું જ નહીં, હોદ્દેદારો અને આગેવાનોના કોઈ સગાને પણ નહીં મળે ટીકિટ. આગામી ૨૧ અને ૨૮મી ફેબ્રુઆરીએ બે તબક્કામાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. ગુજરાતમાં મહાનગર પાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ભાજપના મંત્રી, પૂર્વ સાંસદ, ધારાસભ્ય, નેતાઓએ પરિવારજનો માટે ટિકિટની માંગણી કરી છે.

કેબિનેટમંત્રી કુંવરજી બાવળીયાએ પોતાના બેન માટે ટિકિટ માંગી છે. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાનાં બહેન નિરાંતબેન ધોલિયાએ ભાજપમાંથી તાલુકા પંચાયતની ટિકિટ માગી છે. નિરાંતબેન ધોલીયા વિંછીયા તાલુકા પંચાયતની એક બેઠક માટે દાવેદાર છે અને ટિકિટ માગી છે. મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પત્ની માટે ટિકિટ માંગી છે. જામનગર મનપાની ચૂંટણી માટે રાજ્યમંત્રીના પત્ની પ્રફુલ્લાબા જાડેજાએ ભાજપમાંથી ટિકિટ માંગી છે. વોર્ડ નંબર ૧૧ માટે ટિકિટ માંગી છે. તેઓ ગત ટર્મમાં પણ આ વિસ્તારમાં કોર્પોરેટર હતા. ૨૦૨૧ની થનાર મનપાની ચૂંટણી ટિકિટ માટે માંગી છે. વડોદરા કોર્પોરેશનની ચૂંટણી લડવા વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવએ પુત્ર દીપક શ્રીવાસ્તવ માટે ટિકિટ માંગી છે.

## વિકલાંગ સહાય કેન્દ્ર અને શ્યામ સેવા ફાઉન્ડેશનના સહયોગથી ધ્વજ વંદન કાર્યક્રમ કરવામાં આવ્યો



વિકલાંગ સહાય કેન્દ્રના પ્રેસિડેન્ટ બાબુભાઈ સાબુ વાલા દ્વારા વટવા ખાતે યુ.એન.મહેતા આંખની હોસ્પિટલ ના પ્રાંગણ માં શામ સેવા ફાઉન્ડેશનના સહયોગથી ધ્વજવંદન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું આ આયોજન કરવા પાછળનો હેતુ વિકલાંગ બાળકોને દેશપ્રેમની ભાવના સાથે જોડવાનો તેમ જ દેશ માટે લડતા સૈનિકો યુદ્ધમાં પોતાના અમૂલ્ય અંગો ગુમાવે છે ત્યારે તેમની મનોસ્થિતિ એક વિકલાંગ જ સારી રીતે સમજી શકે માટે દેશના સૈનિકો પ્રત્યેની લાગણી અંતઃકરણપૂર્વક સમજી અને દેશ પ્રત્યે પોતાની લાગણી ધ્વજ વંદન કરી અમે રજૂ કરેલ દેશ પ્રત્યે એક વિકલાંગ હોવા છતાં પણ દેશપ્રેમની ભાવના સમાજમાં ઉત્કંઠ બને બાળકોમાં દેશ પ્રત્યેની ભાવના અને દેશપ્રેમ છલોછલ વહે માટે દેશભક્તિના કાર્યક્રમ વિકલાંગ સહાય કેન્દ્ર વટવાના આ પ્રેસિડેન્ટ બાબુભાઈ સાબુવાલા દ્વારા કરવામાં આવેલ હતા સમાજના પ્રત્યેક વિકલાંગો માટે સતત જાગૃત એવા બાબુભાઈ સાબુ વાલા દેશપ્રેમની ભાવનાને પણ જાગૃત કરવામાં અગ્રેસર રહ્યા હતા

# માણાવદર પટેલ સમાજને નડતરરૂપ કેબિન - દુકાનો હટાવી લેવા ઝાટકિયાની ચીફ ઓફિસરને રજૂઆત



માણાવદર પટેલ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી દેવજીભાઇ ઝાટકિયા એ પટેલ સમાજ ને નડતરરૂપ બનતી કેબિન- દુકાનોને હટાવી લેવા ચીફ ઓફિસર ને પત્ર દ્વારા રજૂઆત કરી છે.

દેવજીભાઇ ઝાટકિયા એ જણાવ્યું છે કે માણાવદર પટેલ સમાજ ને રાજય સરકારે આ સંસ્થાને લાગુ સરકારી મિલ્કત બજારૂ કિંમતે આપી છે. જે ૫૯૨ ચોરસ મીટર છે .અને હાલ તેમા જૂના રજવાડી વખતનું બાંધકામ રહી ગયું છે.

આ મિલકતની પશ્ચિમ બાજુ તરફની દીવાલે જે ત્રણ - ત્રણ કેબિન દુકાનો છે તે નગરપાલિકા એ ભાડે આપેલ છે .તેમા એક કેબિન છે અને બે પાકી દુકાનો છે તથા પટેલ સમાજ સંસ્થાની ઉતરે પણ ત્રણ કેબિનો આવેલ છે આમ કુલ છ કેબિનો- દુકાનો હટાવી લેવા દેવજીભાઇ એ નગરપાલિકા ને રજૂઆત કરી છે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# આજનું બજેટ આર્થિક અસમાનતા અને મોંઘવારી વધારતુઃ મનીષ દોષી

અમદાવાદ,તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારામનએ પેપરલેસ બજેટ રજૂ કર્યું. ઘણા બધા ક્ષેત્રોને આવકારતાં બજેટ મુદ્દે હવે ગુજરાતના ઉદ્યોગ જગત તરફથી પણ પ્રતિક્રિયાઓ આવવાનું શરૂ થઈ ગયું છે. બીજી બાજુ રાજકીય રીતે પણ બજેટ ચર્ચાનું વિષય બન્યું છે. આજે રજૂ થયેલા બજેટ પર ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. મનીષ દોશીએ જણાવ્યું છે કે આર્થિક અસમાનતા અને મોંઘવારી વધારતુ બજેટ આજે સીતારામન દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. જેમાં આઈટી માળખામાં છૂટછાટ ન આપતા નોકરીયાતને અન્યાય કરાયો હોવાનો આક્ષેપ મોદી સરકાર પર કર્યો છે. આ સિવાય ભાજપ સરકારમાં વધુ ૪ કરોડ લોકો ગરીબીમાં ધકેલાયા છે. જાહેર કરેલા ૭૦ ટકા યોજનાઓ હકીકતમાં આવી નથી. સતત ત્રણ બજેટથી શિક્ષણના બજેટમાં ઘટાડો કરાયો છે. પેટ્રોલ-ડીઝલ પર સેસ નાખતા મોંઘવારીમાં વધારો થશે. ખેડૂતો માટે પણ બજેટમાં ખાસ રાહત આપવામાં આવી નથી. કેન્દ્રીય બજેટ પર કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી રહી નથી. તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય માણસને ઈક્રમટેક્સના માળખામાં છૂટછાટ ના આપીને નોકરિયાતને અન્યાય કરાયો છે. આર્થિક અસમાનતા વધારતું અને મોંઘવારી વધારતું બજેટ આજે રજૂ કરવામાં આવ્યું છે. વિશ્વના ૪૫ દેશોએ નાગરિકોના હાથમાં નાણાં આપ્યા છે. મોદી સરકારે ઉદ્યોગકારોને રાહત અને સામાન્ય નાગરિકોને ઠેંગો આપ્યો હોવાના આક્ષેપ કર્યા છે. મનીષ દોશીએ ઉમેર્યું હતું કે, ભાજપ સરકારમાં વધુ ૪ કરોડ લોકો ગરીબીમાં ધકેલાયા છે. જાહેર કરેલ ૭૦ ટકા યોજનાઓ હકીકતમાં આવી નથી. સતત ત્રણ બજેટથી શિક્ષણના બજેટમાં ઘટાડો કરાયો છે.

# શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદને સો વર્ષ પૂર્ણ થતાં હોવાથી શતાબ્દી મહોત્સવ ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરવા માટે મેનેજીંગ કમિટીની મીટીંગનું આયોજન કરવામાં આવેલ આવ્યુ



શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદને સો વર્ષ પૂર્ણ થતાં હોવાથી ×શતાબ્દી મહોત્સવ× ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરવા માટે તાજેતરમાં એક મેનેજીંગ કમિટી ની મીટીંગ નું આયોજન કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ પટેલે જણાવેલ કે ખૂબ ખુશીની વાત છે કે આપણા શ્રી ગુજરાતી સેવા મંડળ ને ચાલુ વરસે સો વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આપણા તમામ ગુજરાતીઓ માટે ખુબ ગર્વની વાત ગણાય. જે ઉજવણી માટે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે સર્વેના સાથ સહકારની જરૂર અપેક્ષા છે.

આ તબક્કે હાજર તમામ મેનેજીંગ કમિટીના સભ્યોએ ચર્ચા વિચારણાના અંતમાં સો વરસ પૂરાં થતાં હોય ભવ્ય ×ત્રીદિવસીય મહોત્સવ× નું આયોજન કરી વિવિધ મનોરંજન પ્રોગ્રામો કરવા તન,મન અને ધનથી સાથ સહકાર આપવા ખુશી વ્યક્ત કરેલી.સચિવ શ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટે આ ભગીરથ કાર્ય માટે અલગ અલગ કમિટીઓની રચના કરવા સ્થાનિક ગુજરાતીઓનો સાથ સહકાર મળી રહે તે હેતુ માટે આગામી બેઠક ની યોજવા જણાવેલ.

સર્વ સહમતિથી શ્રી પ્રદીપભાઈ ચોકસીને આ શતાબ્દી મહોત્સવના કાર્યવાહક નીમવામાં આવેલ.આ બેઠકમાં સર્વશ્રી જયંતીભાઈ પટેલ, જશભાઈ પટેલ, કુંદન ભાઈ પટેલ, નરેન્દ્રભાઈ કોટક, હરીશભાઈ દવે, કિરીટભાઈ જાની, પ્રદીપભાઈ ચોકસી, કૌશિકભાઈ પટેલ અને તરુણભાઈ મહેતા ઉપસ્થિત રહેલા. જાણીતા સમાજ માર્ગદર્શક શ્રી ગિરીશભાઈ રંગપરિયા પણ ખાસ ઉપસ્થિત રહેલા.

## આગામી ૧૭મી ફેબ્રુઆરીથી હડતાલમાં નર્મદાના વન કર્મીઓ પણ જોડાશે

# નર્મદા જિલ્લાના ૪૦૦થી વધુ વનકર્મીઓને માંગો ન સ્વીકારતાં હડતાળ પર જવાની ચીમકી

રાજપીપળા, તા. ૧

નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની હડતાલ બાદ હવે વનકર્મીઓએ પણ તેમની માંગણીઓના અનુસંધાને હડતાલ પર જવાની ચિમકી આપી છે. જેમાં નર્મદા જિલ્લાના ૪૦૦થી વધુ વન કર્મીઓની માંગો ન સ્વીકારતાં હડતાલ પર જવાની તૈયારી કરી રહ્યા છે. વનકર્મીઓના જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લામાં તાજેતરમાં એક નવો ડિવિઝન અને પાંચ નવી રેન્જો પણ બનાવવામાં આવી છે.જે માટે નવી ભરતી પ્રક્રિયા થઇ પરંતુ વર્ષોથી વનવિભાગમાં સેવા કરતા યોજનાને સરકારે કાયમી કર્મચારીઓને દરજ્જો તો આપ્યો. પરંતુ આ કાયમી કર્મચારીઓને મળતા હળવો નિયમિત પગાર સહિતની કેટલીક બાબતો હજુ સુધી મળતી નથી આ અંગે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઇ તેમની વાતને ધ્યાનમાં લીધી નથી.તેથી રાજ્યના તમામ કર્મચારીઓ નો પ્રશ્ન હોય ગુજરાત વન સમયોગી સંઘ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં ઉગ્ર આંદોલન અને અચોક્કસ મુદતની હડતાલ કરશે. જે બાબતે તેમને મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના વન કર્મચારીઓનો ગુજરાત યોગી સંગ્રહ નામનો એક રજીસ્ટર સંગ છે.જેના દ્વારા રાજ્યના તમામ કર્મચારીઓના હક અને ન્યાયિક માંગણીને લઇને વારંવાર સરકારમાં રજૂઆત કરી સંબંધિત અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી પણ કોઈ એ વાત સાંભળી નહીં કે કોઈ સ્વીકાર માંગણી સ્વીકારી નહીં. જેથી આગામી ૧૭ મી ફેબ્રુઆરી થી રાજ્યના તમામ શ્રમયોગી કર્મચારીઓ હડતાલ પર ઉતરશે જેમાં નર્મદા જિલ્લાના ૪૦૦થી વધુ કર્મચારીઓ પણ પોતાની ન્યાયિક માંગણીને લઇને ગુજરાત શ્રમયોગી કર્મચારી સંઘના નેજા હેઠળ હડતાલમાં જોડાશે, તેમ જણાવવા મળ્યું છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.